# જન્નત જહન્નમ

-: પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

# નોંધ.....

- ➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.
- ➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા



| પ્ર | વિષય | પેજ |
|---|---|---|
| 1 | જન્નત | 48 |
| 2 | જહન્નમ | 60 |
| 3 | સ્ત્રીને પરદો કરવાનો હુકમ | 83 |
| 4 | હયવાનોની ઇબાદત | 100 |
| 5 | મોટા મહેલોમાં રહેનારાઓ | 126 |
| 6 | ફાની દુન્યા વિષે હઝરત અલી (અલયહિસ્સલામ)નું ફરમાન | 138 |
| 7 | મૌતનું પુતળું | 154 |
| 8 | મુર્દાએ કરેલી મીજબાની | 170 |

## અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે રહેમાન અને રહીમ છે.

આજથી ૯૪ વર્ષ પહેલાં ‘રાહેનજાત’ની ચોથી કિતાબમાં આ અગત્યના લેખની અલ્લામા અલ્હાજ ગુલામેઅલી સાહેબ (અ.મ.)એ ઇબ્તેદા કરી હતી. કલામે પાકની આયતો, હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હદીસો, અઇમ્મએ માઅસૂમીન (અલય્હેમુસ્સલામ)ના કલામોથી જન્નત-જહન્નમનો અહેવાલ આલેખેલ જે બહુ જ

દિલચશ્પ, દિલપઝીર અને ખુશ્નુમા છે. ત્યારબાદ જહન્નમનું ચિત્ર અલ્ફાઝની ભાષામાં એવું ભયાનક રજૂ કરેલ છે કે જેનું વાંચન કરવાથી દિલ કંપી ઉઠે છે, એ ઉપરાંત હદીસો અને નસીહતોથી ઇન્સાનને દુન્યાની ગફલતથી જાગૃત કરેલ છે.

જન્નતનું બયાન વાંચવાથી ઇન્સાનને ઇબાદતે ઇલાહી કરવાની વધારે પ્રેરણા મળે છે, જહન્નમનું બયાન વાંચવાથી ઇન્સાન ગુનાહ કરવાથી અટકી જાય છે.

ખાતેમુન્નબીય્યીન હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મે. ફરમાવ્યું છે કે ‘અય અબુઝર જન્નતની એક ખાતૂન આસમાનથી અંધારી રાત્રિના જગત પર દ્રષ્ટિ (નઝર) કરશે તો ચૌદમીના ચંદ્રથી વધારે પ્રકાશિત ઝમીન થઇ જશે, ચોતરફ સુગંધ પ્રસરી જશે. જો જન્નતી પોશાકમાંથી એક કપડાને દેખાડે તો બધાય જોનારાઓને મૂર્છા (બેહોશી) આવી જાય તે પ્રત્યે નઝર કરી શકે નહીં.

અબુબસીરે હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં અરજ કરી કે યા મૌલા બેહિશ્તની કાંઇ તારીફ ફરમાવો. હઝરતે ફરમાવ્યું કે અય અબુબસીર બેહિશ્તની ખુશ્બુ હજાર વરસની રાહથી આવે છે, બેહિશ્તની અંદર જે શખ્સનો મરતબો નાનો અને ઓછો હશે તેને એટલું મળશે કે તમામ ઇન્સાન અને જિન્નાત તેના ઘરમાં (મહેમાન) આવે અને બધી ચીજો ખાવા પીવાની ખાય તો પણ ઓછી નહીં થાય, અને ઓછામાં ઓછા ત્રણ બાગ મળશે, પહેલા નાના બાગમાં પ્રવેશ

કરશે અને ત્યાં ઓરતો ગુલામો અને નહેરો જારી હશે, અને મેવા લાગેલા હશે અને એ સર્વેને જોઇને તે અલ્લાહનો બંદો હમ્દ અને શુક્ર અદા કરશે, તે વખતે તેને કહેવામાં આવશે કે ઉપર જો, જ્યારે તે ઉપર નઝર કરશે તો ત્યાં કેટલીએક કરામતો જોશે, અને તે એવી વસ્તુઓ હશે કે પહેલા બાગમાં એવી હશે નહીં.

એ જોઇને અરજ કરશે કે અય રબ, એ ચીજો પણ મને અતા કર. જવાબ મળશે કે એ આપું તો તે કરતાં વધારે માંગીશ તો ? તે કહેશે

કે એથી વધારે નહીં માગું કેમકે એ મારા માટે પૂરતી છે. બીજા બાગમાં જવાની રજા મળશે અને તે બંદો તેમાં જઇને ખુદાનો શુક્ર અદા કરશે, ફરી અલ્લાહનો હુકમ થશે કે જન્નતુલ ખુલ્દનો દરવાઝો તેના માટે ખોલો, જ્યારે તે દરવાઝો ખુલશે તો તે કરતાં પણ ઘણી વધારે નેઅમતો જોશે. તે જોઇને બંદો શુક્ર કરીને કહેશે કે અય રબ તેં એ નેઅમતો આપીને મારા ઉપર એહસાન કરીને આગથી નજાત આપી.

અબુબસીર કહે છે કે જ્યારે આ મુજબ બશારત સાંભળી તો મેં રૂદન કર્યું અને કહ્યું કે યા મૌલા આપ પર મારી જાન કુરબાન થાય કે હજી વધારે બયાન ફરમાવો. તેથી હઝરતે ફરમાવ્યું કે અય અબુબસીર જન્નતમાં એક નહેર છે અને તેના બંને કીનારા ઉપર હુરાઓ ખુશ જમાલ, ખુબસુરત અને રૂપાળી ઉગેલી છે, જ્યારે મોઅમીન તે તરફથી નીકળે છે તો તેણી તેને પસંદ આવે છે તો ઝમીન ઉપરથી તેણીને ખેંચી લે છે અને તે સ્થળે અલ્લાહ બીજી ઉગાડે છે આ સાંભળીને અબુબસીરે અર્ઝ

કરી કે આપ પર કુરબાન થાઉં, હજી વધારે બયાન કરો. હઝરતે ફરમાવ્યું કે મોઅમેનીનને બેહિશ્તની અંદર કુંવારી આઠસો ઓરતો અને બીજી ચાર હજાર ઓરતો અને બે હૂર આપશે. અબુબસીરે અરજ કરી કે કુરબાન થાઉં, આઠસો કુંવારી યુવતીઓ આપશે ?! હઝરતે જવાબ આપ્યો કે હા, અને તેણીઓ હંમેશાં કુંવારીઓ જ રહેશે, વગેરેહ..

અબુબસીરે પૂછયું કે યા હઝરત બયાન કરો કે ખુદાએ હૂરૂલઇનને કઇ ચીઝથી બનાવેલ છે ? હઝરતે ફરમાવ્યું કે બેહિશ્તની

નૂરાની માટીથી અને સિત્તેર લીબાસ પહેર્યા હશે. મોઅમીનનું દિલ છે તે હૂરૂલઇનનો આઇનો છે, અને હૂરનું દિલ છે તે મોઅમીનનો આઇનો છે, એક બીજા પોતાના ચેહરા એક બીજાની અંદરથી જોશે એટલે જેમ આપણી સામે આયનો હોય છે, તેમજ હૂર અને મોઅમીન એક બીજાની સામે ઉભા રહે તો એક બીજાનું શરીર એવું નૂરાની હશે કે તેની અંદર એક બીજાના ચેહરા દેખાશે. વળી અબુબસીરે પૂછયું યા હઝરત હૂરૂલઇન કાંઇ કલામ કરે છે ? હઝરતે ફરમાવ્યું તે તો એવું ખુબી ભરેલું

સુંદર બોલે છે કે કોઇએ એવા કલામ સાંભળ્યા જ નહીં હોય.

પાંચ વખતની ‘નમાઝ’ છે તે હૂરની મહેર છે, માટે નમાઝ પડો. નમાઝ દીનનો સ્થંભ છે, નમાઝથી નજાત છે, ન પઢવાથી અઝાબ છે.

પછી અબુબસીરે પૂછયું કે યા હઝરત તે હૂરૂ શું કહે છે ? હઝરતે ફરમાવ્યું કે તેણીઓ કહેશે કે અમે ખાલેદાત છીએ એટલે હંમેશાં બેહિશ્તમાં રહીશું, અમારા માટે મરવાપણુ નથી. અમે ખુશખુશ છીએ કે રંજ ગમ નથી. હંમેશાં ખુલ્દમાં રહીશું. સદા રાજી હશું, ગુસ્સાનું

ત્યાં કામ નથી. ખુશનસીબ છે એ શખ્સો કે જેઓ માટે પયદા થયેલ છીએ. અમારા માથાનો એક બાલ આસમાન અને ઝમીનની વચમાં લટકાવે તો તેના નૂરથી લોકોની આંખો અંજાઇ જાય.

અમીરૂલમોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)થી વર્ણન છે કે જન્નતના આઠ દરવાજા છે, એક દરવાજામાંથી પયગંબરો અને સીદ્દીકો પ્રવેશ કરશે, બીજા દરવાજામાંથી શહીદ અને સાલેહ લોકો પ્રવેશ કરશે અને પાંચ દરવાજાની અંદરથી શિયા

અને અમારા દોસ્તો પ્રવેશ કરશે તે વખતે હું પુલેસેરાત ઉપર ઉભો રહીશ અને દોઆ કરીશ કે યા અલ્લાહ, મારા શિયા અને દોસ્તો અને જેણે મારી સહાય કરી મારી ઇમામતને કબૂલ કરી હોય તેઓને સલામતીથી પુલેસેરાત પરથી પાર ઉતાર. તે વખતે અર્શના છેલ્લા ભાગમાંથી આવાઝ આવશે કે તમારી દોઆ કબૂલ કરી અને તમોને શફાઅતનો હક આપ્યો.

આ આવાઝ આવશે તો મારા તમામ શિયા અને દોસ્તો અને એ લોકો કે જેઓએ મારી

મદદ કરી હશે અને મારા દુશ્મનોથી હાથ અથવા ઝબાનથી જેહાદ કરી હશે, તો એવા શખ્સો પોતાના દોસ્તો, સગાઓ અને પાડોશીયોમાંના સિત્તેર હજાર માણસોની શફાઅત કરશે.

આઠમા દરવાજાથી તમામ મુસલમાન કે જેઓએ ખુદાની વહદાનીયતનો ઇકરાર કર્યો હશે અને તેઓનાં દિલમાં ઝરા પણ અમારી દુશ્મની નહીં હશે તેઓ જન્નતમાં દાખલ થશે.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે જન્નતની

અંદર અલ્લાહે બંદાઓ માટે દરેક જુમ્આને દિવસે કરામત મુકર્રર કરેલ છે, તો જ્યારે જુમ્આને દિવસ આવશે તો અલ્લાહ એક ફરિશ્તાને મોઅમીન બંદા પાસે મોકલશે અને તેને બેહુલ્લા (જન્નતી લિબાસ) આપશે કે તે મોઅમીન માટે લઇ જાય.

જ્યારે ફરિશ્તો તે મોઅમીનના દરવાજા પર પહોંચશે તો દરબાનોને કહેશે કે મોઅમીનની પરવાનગી લઇ આવો તો હું તેની પાસે જાઉં, તે દરબાન મોઅમીન પાસે આવશે અને કહેશે કે તમારા રબનો ફરિશ્તો

દરવાજા ઉપર ઉભો છે અને અંદર આવવાની પરવાનગી ચાહે છે, તે વખતે બંદે મોઅમીન દરબાનોને પૂછશે કે આ વખતે મારે શું કરવું જોઇએ ? તેઓ જવાબ આપશે કે અય આકા ખુદાએ તમોને બહુ જ મોટી બુઝુર્ગી આપી છે, અને તેના તરફથી તમારી પાસે પયગામ લાવેલ છે માટે તેને પરવાનગી આપો, પછી પરવાનગી મળવાથી તે ફરીશ્તો અંદર જઇને તે બંને હુલ્લા મોઅમીનને આપશે, તો મોઅમીન એક હુલ્લો કમરે બાંધશે અને એક ખભા ઉપર નાખશે અને અલ્લાહની

બારગાહમાં તે ફરિશ્તા સાથે જશે અને જ્યાં જ્યાંથી નીકળશે તે તે જગ્યા તેના ચેહરાના નૂરથી પ્રકાશિત થઇ જશે. પછી તે જગ્યાએ તમામ મોઅમીનો ભેગા થશે તે વખતે હકતઆલા પોતાના જલાલના નૂરમાંથી તજલ્લી કરશે, તેથી તેઓ સજદામાં જૂકી જશે, તે વખતે ખિતાબ થશે કે અય મારા બંદાઓ સર ઊંચા કરો કે આ દિવસે બંદગી અને સખતી ઉપાડી લીધી છે.

તે વખતે મોઅમીન અરજ કરશે કે યા અલ્લાહ તે અમોને જે નેઅમતો કરામત

ફરમાવી છે તે બહુ જ ઉમદા છે અને એથી વધારે બીજું શું જોઇએ ! તે વખતે પરવરદિગાર તરફથી આવાઝ આવશે કે અય મારા બંદાઓ તમોને હાલ જેટલું આપેલ છે તે કરતાં સિત્તેરગણી નેઅમતો અને કરામતો આપી.

પછી દર જુમ્આને દિવસે ખુદા મોઅમીનોને બોલાવશે અને એ મુજબ સિત્તેર ગણી વધારે નેઅમતો અતા કરશે અને એ જ મતલબ વિષે ખુદાએ ફરમાવેલ છે કે અમારી પાસે રહમત અને કરામત બહુ જ છે, જુમ્આની

રાત અને દિવસ પુરનૂર છે, તો તે દિવસે ખુદાને યાદ કરો જેમ કે "સુબ્હાનલ્લાહ", "અલ્લાહો અકબર" અને "લાએલાહ ઇલ્લલ્લાહ" એ મુજબ બહુ જ કહેવું. અને ખુદાનો હમ્દ પણ પણ બહુ જ કરો અને કહો "અલહમ્દો લીલ્લાહ" એ સિવાય સલવાત મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર બહુ જ પઢવી.

પછી જ્યારે બંદે મોઅમીન ખુદાના દરબારમાંથી પાછો આવશે ત્યારે જે જે ચીજ

રસ્તામાં હશે તે તમામ મોઅમીનના નૂરથી નૂરાની થશે. જ્યારે પોતાના મકાનમાં ઓરતો પાસે જશે ત્યારે ઓરતો કહેશે કે અએ અમારા આકા ખુદાની કસમ છે કે તમોને એવા ખુબસુરત કદી અમોએ જોએલ નહીં, તેઓ કહેશે કે આજે અમારા પરવરદિગારે પોતાના જલાલના નૂરની તજલ્લી અમારા ઉપર કરી.

હઝરતે ફરમાવ્યું કે બેહિશ્તની ઓરતોને આપસમાં ઇર્ષા અદેખાઇ હોતી નથી, તેઓ નાપાક થતી નથી. રાવી કહે છે કે મેં અરજ કરી કે મૌલા તમારા ઉપર કુરબાન થાઉં, હું

કાંઇ પૂછવા ચાહું છું, પણ શરમ આવે છે તો પણ અરજ કરૂં છું કે બેહિશ્તની અંદર એક ઝાડ છે, અને ખુદાના હુકમથી હવા તેને હલાવે છે અને તેથી તેની અંદરથી કેટલીક જાતની ગાયનની આવાઝ નીકળે છે, તે એવી સુંદર આવાઝ છે કે લોકોએ કદી સાંભળેલ નહીં હશે, પણ એ લોકો સાંભળશે કે જેઓએ દુનિયામાં ખુદાના ખૌફથી ગાયન અથવા ગાણુ સાંભળ્યું નહીં હશે.

રાવી કહે છે કે મેં અરજ કરી કે યા મૌલા, બેહિશ્તની તાઅરીફ હજુ વધારે બયાન

ફરમાવો. હઝરતે ફરમાવ્યું કે હકતઆલાએ બેહિશ્તને પોતાના કુદરતી હાથથી પૈદા કરી છે કે કોઇ આંખે તેને જોઇ નથી, કોઇ મખલૂકને તેની ખબર નથી કે કેવી છે, અને હકતઆલા તે બેહિશ્તને સદા હુકમ કરશે કે ખુશ્બુ અને ખુશ હવા તારી અંદર રહેનાર માટે હજુ વધારે કર અને એ જ મતલબની આયત ખુદાએ ફરમાવેલ છે, કે ઇન્સાન નથી જાણતો કે તેના માટે શું શું બનાવેલ છે કે જેનાથી તેની આંખો ઠંડી થાય અને દિલખુશ થાય અને એ ચીજો

અનેક નેક કામના બદલામાં છે કે જે દુનિયામાં તેણે કરેલ છે.

હઝરત અલી (અલય્હિસ્સલામ)મે. ફરમાવ્યું કે બેહિશ્તની અંદર 'તૂબા' નામનું એક ઝાડ છે, જેનું મૂળ હઝરત રસૂલ ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના મકાનમાં છે અને તમામ મોઅમીનના ઘરમાં તેની ડાળીઓ છે, જે ચીજની મોઅમીનને ઇચ્છા થશે તે જ ચીજવાળી ડાળ તેના માટે હાજર કરે છે, અગર સવાર તેઝ રફતાર તે ઝાડના સાયામાં સો વરસ સુધી દોડે તો પણ

એક ફેરો ફરી નહીં શકે, એટલું જ નહીં પણ જો કોઇ પંખી તેની નીચેથી ઉડે અને એટલું ઉડે કે ઉડતાં ઉડતાં વૃદ્ધ થઇ જાય અને આખર ઝઇફીના સબબથી પડી જાય તો પણ તે ઝાડની ઉપર સુધી નહીં પહોંચે.

બીજી રિવાયતમાં છે કે બેહિશ્તની અંદર એક ઝાડ છે અને તેની ઉપર હુલ્લા ઉગે છે અને તે ઝાડની નીચેથી ઝીન અને લગામવાળા ઘોડા બાહેર નીકળે છે તેઓ નજાસત કરતા નથી અને ઉડવા માટે પાંખો હોય અને તેના ઉપર મોઅમીન લોકો સવાર

થઇને મરજીમાં આવે ત્યાં ફરવા માટે જશે. એ લોકોના એવા દરજ્જા જોઇને તેઓથી ઉતરતા દરજ્જાવાળા પાક પરવરદિગારની દરગાહમાં સવાલ કરશે કે અય ખુદાવંદા આ લોકોને એવો મોટો મરતબો આપ્યો તેનું શું કારણ છે ? ખુદાવંદે કરીમના જનાબમાંથી આવાઝ આવશે કે તેઓ રાતના વખતે ઇબાદત કરતા અને જાગતા હતા અને સુતા ન હતા અને રોઝા રાખતા હતા. દિવસના ભૂખ્યા રહેતા હતા અને દુશ્મનોથી જેહાદ કરતા હતા અને

ડરતા ન હતા, સખાવત કરતા હતા અને કંજૂસ ન હતા.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મે ફરમાવ્યું કે મેઅરાજની રાત્રે મેં બેહિશ્તની અંદર જોયું કે કેટલાક ફરિશ્તા મકાનો બનાવે છે અને એક ઇંટ સોનાની એક રૂપાની રાખે છે અને કોઇ કોઇ વખતે હાથ રોકી લે છે, તેથી મેં પૂછયું કે શા માટે તમો હાથ રોકીને બેસી રહો છો ? તેઓએ જવાબ આપ્યો કે અમો ખર્ચની રાહ જોઇએ છીએ, મેં પૂછયું તે ખર્ચ શું ચીજ છે ? તેઓએ

જવાબ આપ્યો કે જ્યારે મોઅમીન સુબહાનલ્લાહે વલહમ્દો લિલ્લાહે વલા એલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર કહે છે તો તે અમોને ખર્ચ મળવા સમાન છે અને તે વખતે અમો ઇંટો રાખીએ છીએ અને જ્યારે એ તસબીહાતે અરબાઅ નથી કહેતા તો અમો હાથ રોકી લઇએ છીએ.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી મનકૂલ છે કે જન્નતના દરવાજા ઉપર “લાએલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર્રસુલુલ્લાહ, અલીય્યુન

અખુરસુલીલ્લાહ”‘ એટલે કોઇ માઅબૂદ નથી સિવાય અલ્લાહના મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેના રસૂલ છે. હઝરત અલી (અલય્હિસ્સલામ) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ભાઇ છે. એ મુજબ ઝમીન અને આસમાન પયદા થવાની બે હજાર વરસ પહેલે લખાએલું છે.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) ફરમાવ્યું કે અલ્લાહે જન્નતની અંદર યાકૂતનો એક થંભ બનાવેલ છે, અને તેના ઉપર સિત્તેર હજાર મકાન આલીશાન બનાવેલ છે અને તે દરેક મકાનમાં સિત્તેર હજાર ગુરફા છે, અને તે એ લોકો માટે બનાવેલ છે કે જેઓ દુનિયામાં આપસમાં મોહબ્બત રાખતા હશે અને એકબીજાને જોવા માટે જતા હશે.

હઝરત ઇમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે ખુદાવંદે કરીમે કુરઆનમાં એક આયત ફરમાવી છે,

તેનો મતલબ એ કે જે લોકોએ પરહેઝગારી કરી છે અને ખુદાએ મના કરેલી ચીજોથી દૂર રહ્યા છે તેઓ માટે બેહિશ્તની અંદર ગુરફા (મકાનની બારીઓ-ઝરૂખા) બનાવ્યા છે અને તે ગુરફાઓની ઉપર બીજા મકાનો છે, અને ગુરફાઓ બહુ જ ઉમદા આલીશાન છે અને તે ગુરફાઓની નીચેથી નહેરો જારી છે, તો એ મકાનો મુત્તકીઓ માટે છે, અને ખુદા પોતાના કરેલ વાયદાને વફા કરનાર છે.

એ આયતની તફસીરમાં હઝરત અલી (અલય્હિસ્સલામ)મે હઝરત રસૂલેખુદા

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પૂછયું કે યા હઝરત એવા ઉમદા અને આલીશાન દરજ્જા છે તે કોના માટે છે ? હઝરતે જવાબ આપ્યો કે યા અલી એ ગુરફાઓ હકતઆલાએ આપણા અને પોતાના દોસ્તો માટે બનાવ્યા છે, અને ગુરફાઓ મરવારીદ, ઝબરજદ અને યાકૂતથી બનેલા છે, અને તેના છાપરા સોનાના અને રૂપાની નકશીવાળા છે, અને તે દરેક ગુરફાને હજાર હજાર દરવાજા છે, અને દરવાજા પર એક એક ફરિશ્તો દરબાન છે અને તે ગુરફાઓમાં

ફરશ બહુ જ ઊંચી જાતના છે અને એકની ઉપર એક બીછાવેલ છે અને તેથી તે ઘણાં જ ઊંચા થયેલ છે. તે રેશમ અને દીબાના પ્રકાર પ્રકારના રંગના છે અને તેની અંદર કસ્તૂરી અને કપૂર ભરેલ છે, જ્યારે મોઅમીનને તે ઠેકાણે લાવશે તો પહેલે બાદશાહી તાજ પહેરાવશે કે તેમાં યાકૂત જડેલા હશે અને સિત્તેર હુલ્લા જુદી જુદી જાતના રંગીન ઉમદા મોતી અને હીરાથી શણગારેલા હશે.

પછી જ્યારે મોઅમીન તખ્ત ઉપર બેસશે ત્યારે તખ્ત ખુશી થઇને હલવા લાગશે,

મોઅમીન પોતાના મકાનમાં બેસશે ત્યારે બાગબાન ફરિશ્તો મુબારકી આપવા માટે આવશે. પણ તેને મોઅમીન પાસે જવા ન આપતા બીજા ખુદ્દામ લોંડીઓ અને હૂરાઓ અટકાવશે અને કહેશે કે આ વખતે મોઅમીન પોતાના બીછાના ઉપર તકયો લગાડીને ઝવજા હૂરૂલઇન સાથે બેઠા છે, માટે ધીરજ રાખો.

જે હૂરને ખુદાવંદે કરીમે મોઅમીન માટે મુકર્રર કરી છે તે પોતાના ખયમામાંથી બાહેર નીકળીને મોઅમીનના તખ્ત તરફ રવાના

થશે અને તેણીની લોંડીયો તેણીને ઘેરીને ચાલશે અને લોંડીયો યાકૂત, ઝબરજદ અને મરવારીદથી બનેલી હશે. અને તેણીઓના લીબાસ કસ્તૂરી અને અંબરથી રંગીન હશે. માથા ઉપર કરામતનું તાજ, પગમા સોનાની મોજડી જવાહેરાત અને હીરાથી જડેલી હશે.

એ ખાસ હૂર ખુદાના બંદા પાસે પહોંચશે ત્યારે તે શૌખથી ઉઠવાનો ઇરાદો કરશે, એ જોઇને હૂર કહેશે કે અય દોસ્તો ખુદા આજનો દિવસ તમારા માટે સખતી અને મહેનતનો નથી માટે ઉઠો નહીં કે હું તમારા માટે છું અને

તમો મારા માટે છો. પછી હૂર નજીક જશે તો બંને જણ આપસમાં મળશે અને તે મળવામાં દુનિયાના પાંચસો વરસ જેટલો વખત પસાર થશે અને એટલી મુદ્દત છતાં કંટાળો આવશે નહીં. પછી હૂરની ગરદન ઉપર નઝર કરશે તો તેણીના ગળામાં એક હાર જોશે કે તે રાતા યાકૂતનો હશે, તેની વચમાં એક તખ્તી હશે. તેના ઉપર લખેલું હશે કે અય દોસ્તે ખુદા તમો મારા મહબૂબ છો અને હું તમારી મહબૂબા છું, તમારી મુલાકાતની ઉમ્મેદ લાંબા સમયથી

હતી, તેમજ મારી મુલાકાતની આશા તમોને પણ ઘણા સમયથી હતી.

પરવરદિગારે જલ્લશાનહુ એક હજાર ફરિશ્તા મોકલશે કે તેઓ તે બંદે ખુદાને બેહિશ્તની મુબારકબાદી આપે અને તે હૂરોને તેની ઓરત મુકર્રર કરે, જ્યારે તે ફરિશ્તાઓ તે મોઅમીનની બેહિશ્તના પહેલા દરવાજા પર પહોંચશે ત્યારે જે ફરિશ્તો ત્યાં નિર્માણ હશે તેને તેઓ કહેશે કે જા દોસ્તે ખુદા પાસેથી અમોને જવાની પરવાનગી લાવી આપો કે

ખુદાએ અમોને બેહિશ્તની મુબારકબાદી દેવા માટે મોકલ્યા છે.

આ સાંભળીને તે ફરિશ્તો કહેશે કે તમો ધીરજ રાખો કે 'હાજીબ' ફરિશ્તાને કહું કે તે મોઅમીન પાસે જઇને પરવાનગી માંગે, પછી તે ફરિશ્તો 'હાજીબ'ની પાસે જશે. 'હાજીબ' અને તે ફરિશ્તાની દરમીયાન ત્રણ બાગનો ફાસલો હશે. 'હાજીબ'ને તે કહેશે કે દરવાજા ઉપર હજાર ફરિશ્તાઓ પરવરદિગારના તરફથી મુબારકબાદી આપવા માટે આવેલા છે માટે મોઅમીન પાસે જઇને તેઓને અંદર

આવવાની પરવાનગી લાવો, તે ‘હાજીબ’ કહેશે કે આ વખતે મુશકીલ છે કે મોઅમીન પાસે પરવાનગી લેવા જાઉં, કેમકે દોસ્તેખુદા પોતાની હૂરો સાથે બેઠા છે, ત્યાંથી ‘હાજીબ’ અને મોઅમીનની દરમિયાન બે બાગનો ફાસલો હશે, પછી ‘કય્યુમ’ને ‘હાજીબ’ એ બાબતની ખબર આપશે કે દરવાજા પર ખુદાએ તઆલા તરફથી હજાર ફરિશ્તા મુબારકબાદી માટે ઉભા છે માટે મોઅમીન પાસેથી રજા લાવો.

આ સાંભળીને ‘કય્યુમ’ ખાસ ખિદમતગારોને કહેશે કે દોસ્તે ખુદાને ખબર આપો કે ખુદાએ જબ્બાર પાસેથી હજાર ફરિશ્તા બેહિશ્તની મુબારકબાદી આપવા માટે આવેલા છે.

જ્યારે કય્યુમ ફરિશ્તો ખાસ ખિદમતગારોને એ મુજબ કહેશે કે પરવરદિગારે આલમ તરફથી હજાર ફરિશ્તા મુબારકી આપવા માટે આવેલા છે તો તેઓ દોસ્તે ખુદા પાસે જઇને એ મુજબનો પયગામ પહોંચાડશે, તો તેઓના જવાબમાં મોઅમીન

કહેશે કે આવવા દયો, પછી હજાર ફરિશ્તા ગુરફાની પાસે જશે અને તે ગુરફાના હજાર દરવાજા હશે, તે વખતે તે દરવાજા ઉપરના નિર્માણ ફરિશ્તા દરેક દરવાજો ખોલશે અને એક એક દરવાજેથી તે આવેલા ફરિશ્તા મુબારકબાદી આપશે અને એ જ બાબતનો ઇશારો પરવરદિગારે આલમે કુરઆને શરીફમાં ફરમાવેલ છે "વમલાએકતો યદખોલુન અલયહીમ મીન કુલ્લે બાબીન સલામુન અલયકુમ બેમા સબરતુમ ફનેઅમ ઉકબદ્દાર" - તે લોકોના દરવાઝા પર

મલાએકાઓ દરેક દરવાજેથી દાખીલ થશે અને કહેશે કે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી સલામ થાય એ સબબથી કે તમોએ દુન્યામાં બહુ જ સખતીઓ ઉઠાવીને બંદગી કરી અને ગુનાહો ન કર્યા અને બલાઓ અને મેહનતો ઉપર સબ્ર કરી, આ તમારા માટે નેક બદલો છે.

એ બેહિશ્તની ખુબી પરવરદિગારે આલમ કુરઆનમાં ફરમાવે છે કે બેહિશ્તની બહુ જ મોટી અઝીમ નેઅમતો છે એટલું જ નહીં પણ ત્યાં મોટી બાદશાહત છે, અને તે મકાનોની

અંદર પ્રકાર પ્રકારની નેહરો જારી છે જે વિશે ખુદા ફરમાવે છે કે "વ તજરી મીન તહતેહલ અનહાર" એટલે એવા મકાન કે તેની નીચે નહેરો જારી છે અને તરેહ તરેહના મેવા મોજૂદ છે, અને જે મેવાની મરજી મોઅમીનને થાય તે મેવા મોઅમીનની પાસે બેઠા બેઠા આવી જશે કે જેવી રીતે તે પોતાની ગાદી ઉપર તકીયો લગાડીને બેઠેલ છે, કોઇ જાતની તકલીફ મેવા તોડવા માટે નહીં થાય, મેવાની ડાળો આપોઆપ નમીને પાસે આવશે એટલું જ નહીં

પણ કેટલાક મેવા તો બોલશે કે અય વલીએ ખુદા મને પહેલે નોશ ફરમાવો.

હઝરતે ફરમાવ્યું કે દરેક મોઅમીન માટે બેહિશ્તની અંદર ઘણા બાગ હશે અને કેટલાક બાગના ઝાડ ઝમીન ઉપર પથરાઇ ગયેલા હશે અને તેમાં શરાબે તહુરા (પાક પીણુ ) પાણી, દૂધ અને મધની નહેરો છે અને જ્યારે વલીએ ખુદા કોઇ પણ જાતની ખાવાની ખ્વાહીશ કરે છે તો તે જ ચીજ તેના માંગવા વિના આવીને હાજર થાય છે, કોઇ વખતે પોતાના બિરાદરે મોઅમીન સાથે બેસે છે અને

વાતો કરે છે અને કોઇ વખતે એકબીજાને મળવા માટે જાય છે, બગીચાઓમાં ફરે છે અને નેઅમતોથી લઝઝત પામે છે.

બેહિશ્તની અંદર હંમેશાં દિલપઝીર હવા, જેવી રીતે કે દુનિયામાં હંમેશાં સવારના ભાગમાં સૂરજ નીકળવાની પહેલે ઠંડી ઉમદા હવા બહુ જ પસંદ કરવા લાયક ગરમીના દિવસોમાં હોય છે. મોઅમીનને ઓછામાં ઓછી સિત્તેર હૂરાઓ પરવરદિગાર આપશે અને દુનિયાની ચાર ઓરતો આપશે. બંદે મોઅમીન જન્નતમાં હૂરાઓ વિ. સાથે હરવખત

વાતોચીતોમાં રહેશે. કોઇ વખત એવું થવાનું કે મોઅમીન પોતાના તકીયા ઉપર ટેકો લગાડીને બેઠા હશે ત્યાં એકાએક એક નૂર ચમકશે અને તેને ચારે તરફથી ઘેરી લેશે, તે જોઇને બંદે મોઅમીન કહેશે કે આ નૂર કઈ ચીજનું છે ? ખિદમતગારો કહેશે કે એક હૂર ખુદાએ તમારે માટે બહુ જ ખુબસુરત પેદા કરી છે કે તેણીને હજુ તમોએ જોઇ નથી. તેણીને તમારા દીદારનો શોખ થયો તેથી તે પોતાના ખયમામાંથી તમોને જોતી હતી તેણીના દાંતનું આ નૂર હતું.

# 1. જન્નત

આ સાંભળીને ખુદાનો દોસ્ત કહેશે કે જાઓ અને તેણીને કહો કે આ વખતે મારી પાસે આવે. આ મુજબનો હુકમ સાંભળીને હજાર હજાર ખિદમતગાર જલ્દીથી તે હૂર પાસે જઇને મુબારકી સાથે પયગામ પહોંચાડશે. તેણી તો ફકત હુકમની રાહ જોતી હશે, તે જ વખતે પોતાના ખયમાની અંદરથી સિત્તેર હજાર જડાઉ હુલ્લા પહેરી ત્યાં આવશે. તે હુલ્લામાં તરેહ તરેહના મોતી, હીરા જવાહેરાત

અને રંગબેરંગી કસ્તૂરી અને અંબરથી રંગેલા હશે. તે હૂર સિત્તેર ગજની લાંબી (આ સ્થળે જે હૂર ૭૦ ગજ લાંબી લખી છે તેમાં અજબ થવા જેવું નથી. કુદરત કીડી જેવી નાનામાં નાની મખ્લૂકનું સર્જન કરી શકે છે તો ૭૦ ગજની હૂરને પણ પયદા કરી શકે છે, એ ૭૦ ગજ કયા અર્થમાં છે એનો ઇન્સાન પોતાની અક્કલ પ્રમાણે અટકળ કરે નહીં. કુદરત પ્રત્યેક વસ્તુનું સર્જન કરવા શક્તિમાન છે. એક શું હઝારો હૂરો પયદા કરી શકે છે. કોઇ પણ જન્નતના બાગો અને મકાનોને એટલા વિશાળ

બનાવી શકે છે કે તેમાં આજના ઝમાનામાં કોઇ અજબ થવા જેવી ચીજ નથી. ઇન્સાન એટમનું ઉત્પાદન કરી શકે તો એટમનો અસલી માલિક પાસે શું કોઇ ચીજ અશકય છે ? જેણે દુનિયા જોઇ ન હોય, ઇતિહાસનું અવલોકન કર્યું ન હોય, કિતાબે ઇલાહી અને હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હદીસો, અઇમ્મએ માઅસૂમીનના કોલનો બારીકીથી બાતફસીર અભ્યાસ કર્યો ન હોય તે જ આવી વાતો પર પરેશાન થઇ ઇમાન રાખતા નથી. કુદરત માટે જન્નતીઓના

રાજીપા માટે જે કાંઇ કરે તે શકય છે) અને બંને ખભાની વચમાં દસ ગજનો ફાસલો હશે. જ્યારે દોસ્તે ખુદા પાસે તેણી પહોંચશે ત્યારે ખાદીમો જવાહેરાત, મોતી અને હીરા તેણી ઉપરથી નિસાર કરશે. પછી બંને જણ એકબીજાના ગળામાં હાથ નાંખીને આરામ કરશે.

પછી હઝરતે ફરમાવ્યું કે કુરઆનમાં બેહિશ્તનો ખુદાએ ઝિક્ર કરેલ છે તે બેહિશ્ત જન્નતે અદન, જન્નતુલ ફીરદોસ, જન્નતુલ નઇમ અને જન્નતુલ માઅવા છે. એ સિવાય

પાક પરવરદિગારની બીજી બેહિશ્તો પણ છે અને એ મોઅમીનને જન્નત અને બાગ એટલા આપશે કે મોઅમીન રાજી થઇ જાય અને ત્યાં જ મોઅમીન મોજ-મઝા કરશે અને મોઅમીન કોઇ ચીજને ચાહશે તો કહેશે કે 'સુબ્હાનક અલ્લાહુમ્મ' કહેશે કે અય ખુદાવંદા તને પાકીઝગી સાથે યાદ કરૂં છું. બેહિશ્તી લોકોની આપસમાં મુલાકાત વખતે દુરૂદ, તહીય્યત અને સલામ કહેશે અને હઝરતે ફરમાવ્યું કે ખુદા તરફથી તેઓ ઉપર તહીય્યત અને સલામ છે. 'વઆખેરો દાઅવાહુમ્મ અનીલ

હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.’ હઝરતે ફરમાવ્યું કે એથી મુરાદ એ છે કે તેઓએ જે કાંઇ ચાહ્યું તે હાંસીલ થયું અને સોહબતની તથા ખાવા પીવાની લઝઝત પામ્યા અને જ્યારે એ ચીજોથી ફારીગ થયા તો ખુદાનો હમ્દ કર્યો.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે હઝરતને ‘ફીહીન્ન ખયરાતુન હેસાન’ આયતની તફસીર પૂછી તો ફરમાવ્યું આ એ મોઅમેના માઅરેફતવાળી અને શીયાહ ઓરત છે કે

જેણીઓ બેહિશ્તમાં દાખલ થશે અને મોઅમેનો સાથે તેણીઓની શાદી કરી આપશે અને ખુદા જે ફરમાવે છે કે 'હુરૂમ મકસુરાતુન ફિલખેયામ' એથી મુરાદ બેહિશ્તની હૂરાઓ છે તે બહુ જ રૂપાળી છે અને તેણીઓની કમર બહુ જ પાતળી છે. તેઓ યાકૂત તથા મરજાનના ખયમામાં રહે છે અને દરેક ખયમાને ચાર દરવાજા છે અને હંમેશાં તેઓને ખુદા તરફથી કરામત પહોંચે છે અને તેણીઓ મોઅમીનને ખુશખબરી આપશે.

હઝરત ઇમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે બંદો ખુદા સાથે નેક ગુમાન રાખ્યા કરે. બેહિશ્તના આઠ દરવાજા છે. ચાળીસ વરસના રસ્તા જેટલી દરેક દરવાજાની પહોળાઇ છે અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મે ફરમાવ્યું કે બેહિશ્તવાળાઓને કુદરતી હાજતની જરૂરત હોતી નથી અને દુનિયાની અંદર જેમ કે લોકો દિન બદિન ઘરડાં થતા જાય છે અને ચહેરા ખરાબ થતા જાય છે. એથી ઉલટું બેહિશ્તમાં લોકોની

ખૂબસુરતી અને સુંદરતા વધતી જાય છે. બેહિશ્તના દરજ્જાના શખ્સને સિત્તેર હજાર ખાદિમ આપશે અને બેહીશ્તનું જમણ બહુ જ ઉમદા હશે.

એક બેદીન શખ્સે હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ઘણા સવાલ કર્યા અને તેના જવાબ સાંભળીને મુસલમાન થઇ ગયો. પૂછયું કે યબ્ને રસૂલિલ્લાહ બેહિશ્તના મેવા લોકોના તોડવા છતાં ફરી કેમ ઉગે છે ? હઝરતે ફરમાવ્યું કે તે દીવાની જેમ છે કે એક દીવામાંથી બીજો દીવો કરે તો પહેલા દીવાનું

નૂર ઓછું થતું નથી એટલે સુધી કે અગર તમામ દુનિયા દીવાથી રોશન થાય તો પણ તેમાં કમી આવતી નથી અને તેણે પૂછયું કે બેહિશ્તના લોકો ખાય છે અને પીએ છે, તો કેમ તેઓને હાજત થતી નથી ? હઝરતે ફરમાવ્યું કે બેહિશ્તી લોકોનો પોશાક બહુ જ ઉમદા અને નાજુક છે. તેમાં કચરો ભેગો થાય તેવી ચીજ નથી. તેથી બદનમાં ખુશબોવાળો પરસેવો થઇને નીકળી જાય છે અને તેણે પૂછયું કે હૂરથી સોહબત કર્યા છતાં તેણીઓ કુંવારી કેમ રહે છે ? હઝરતે જવાબ આપ્યો કે તેણીઓને

પાક પાકીઝા માટીથી પયદા કરી છે. તેણીઓને ઝખમ થતું નથી તેમજ તેણીઓને હયઝ વિગેરે કોઇ ચીજ આવતી નથી. વિગેરે કારણથી સોબત કર્યા પછી પણ તેણીઓ કુંવારી જ રહે છે અને તેણે એ પણ પૂછયું કે સિત્તેર હુલ્લાની અંદરથી તે હૂરોના પગનો મગજ કેવી રીતે દેખાઇ શકે ? હઝરતે ફરમાવ્યું કે કોઇ સાફ અને સ્વચ્છ પાણીમાં દીરહમ નાંખે અને તે પાણી એક નેઝા જેટલું ઊંડું હોય તો પણ તેના સબબથી બાહેરથી તે દિરહમ દેખાય છે.

કોઇએ હઝરત રસલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અરજ કરી કે જન્નતમાં જવાનો અમલ શું છે ? હઝરતે ફરમાવ્યું સત્ય બોલવું કે જે વખતે બંદો સાચું બોલે તો મુક્ત થાય અને જે વખતે મુક્ત થાય તો અમાન પામ્યો અને જ્યારે અમાન પામે તો જન્નતમાં પ્રવેશ થશે.

# 2.જહન્નમ

અબુ બસીરે હઝરતઇમામે જાફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં અરજ કરી કે યા હઝરત મારૂં દિલ બહુ જ સખત થઇ ગયું છે માટે મને અઝાબે ખુદાથી ડરાવો. હઝરતે ફરમાવ્યું કે અય અબુ બસીર બહુ જ છેટેની જિંદગી જેને આખેરત કહે છે અને જેનો છેડો નથી તેની મુસાફરી માટે તે જિંદગીની ફિક્ર કરી તેનો સામાન ભેગો કર.

એક દિવસ હઝરત રસૂલેખુદા મોહમ્મદે મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ની પાસે જિબ્રઇલ આવ્યા અને તે વખતે જિબ્રઇલનો ચેહરો ઉદાસ અને ગમગીન હતો. પહેલાં જ્યારે જિબ્રઇલ આવતા ત્યારે હસ્તે મોઢે આવતા. તે વખતે હઝરતે પૂછયું કે અય જિબ્રઇલ, આજે શા માટે ગમગીન છો ? જીમ્રઇલે જવાબ આપ્યો કે યા હઝરત જહન્નમની આગને ધમતો હતો તે ધમવું આજે મૂકી આપ્યું છે. હઝરતે પૂછયું તે ધમવું શું છે ? જવાબ આપ્યો કે યા હઝરત જહન્નમની આગ હઝાર વરસ સુધી સળગાવી તેથી તે સફેદ થઇ ગઇ. વળી બીજા હઝાર વરસ સુધી

સળગાવી તેથી કાળી થઇ ગઇ, તે જહન્નમના અર્કનું એક ટીપું જે ખરાબમાં ખરાબ છે અને તે જહન્નમી લોકોને પાણીના બદલામાં પીવરાવવા માટે છે તે દુનિયાના પાણીમાં નાખે તો તમામ દુનિયા તેની દુર્ગંધથી મરી જાય અને જો એ જહન્નમની સાંકળનો એક આંકડો દુનિયામાં રાખે તો તેની ગરમીને કોઇ સહન કરી શકે નહીં. મીણની જેમ પીગળી જાય. જહન્નમી લોકોને સિત્તેર ગજની લાંબી જહન્નમની આગની સાંકળો પહેરાવશે. જહન્નમી લોકોનું એક પેહરણ ઝમીન અને

આસમાનની વચમાં લટકાવે તો દુન્યાના માણસો તેની દુર્ગંધથી મરી જાય.

આ વાત જિબ્રઇલે બયાન કરી ત્યારે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને જિબ્રઇલ રડવા લાગ્યા. તે વખતે ખુદાવંદે કરીમે એક ફરિશ્તાને મોકલ્યો. તેણે આવીને અરજ કરી કે યા હઝરત પરવરદિગારે આલમ સલામ બાદ ફરમાવે છે કે હું તમોને નિર્ભય કરૂં છું કે તમો અઝાબને લાયક થશો નહીં. પછી જ્યારે

જિબ્રઇલ હઝરતની ખીદમતમાં આવતા તો હસતા ન હતા.

જ્યારે જહન્નમી લોકો જહન્નમમાં દાખલ થશે અને સિત્તેર વરસ સુધી મહેનત કરશે ત્યારે ઉપર આવશે. જ્યારે કિનારા ઉપર આવશે તો ફરિશ્તા લોઢાના ગુરઝ તેઓના મોઢા ઉપર મારશે કે તેથી જહન્નમની નીચે પહોંચશે. એ અઝાબની અંદર તેઓ મરશે નહીં પણ ચામડી ખરાબ થઇ જશે. ફરીને નવી ચામડી મળશે અને અઝાબની સઝા મળશે. એટલે સુધી બયાન કરીને હઝરતે અબુ

બસીરને કહ્યું કે કેમ અબુ બસીર આટલો હાલ બયાન કર્યો તે તારા માટે બસ છે ? તેણે અરજ કરી કે યા હઝરત બસ છે.

હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કોઇએ પૂછયું કે જન્નત અને જહન્નમ કયાં છે? હઝરતે જવાબ આપ્યો કે જન્નત આસમાનની ઉપર છે અને જહન્નમ ઝમીનની અંદર છે.

હદીસમાં છે કે આ દુનિયાની અંદર જે આગ છે તે જહન્નમની આગની અંદરથી આગ લઇ સિત્તેર વખત પાણીમાં ઠારીને પછી રાખેલ છે. કેમ કે જો જહન્નમની આગ છે તેવી

જ જો દુનિયામાં રાખતે તો તેની ગરમી કોઇ સહન કરી શકે નહીં.

જહન્નમને કયામત દિવસે મહેશરના મેદાનમાં લાવશે અને જહન્નમની ઉપર પુલસેરાત રાખશે તે વખતે મહશરના મેદાનમાં જહન્નમ ચીખ મારશે અને તે અવાઝ સાંભળીને મોટા દરવાજાના તમામ ફરિશ્તા અને પયમ્બરાને મુરસલીન તેના ભયથી માથા નીચે કરીને ફરિયાદ કરશે.

જહન્નમની અંદર એક જંગલ છે. જેનું નામ ગશ્શાક છે. તેની અંદર ત્રણ હજાર અને ત્રીસ

મકાનો છે અને દરેક મકાનમાં ત્રણ હજાર કોટડીઓ છે અને દરેક કોટડીમાં ચાળીસ ખૂણા છે અને દરેક ખૂણામાં એક - એક સાપ છે અને તે દરેક સાપના પેટમાં ત્રણ હજાર અને ત્રીસ વીંછી છે અને દરેક વીંછીના ડંખની અંદર ત્રણ હજાર અને ત્રીસ ઝેરની કોથળીઓ છે અને તે વીંછુમાંથી એક વીંછુ પોતાનું ઝેર દુનિયામાં નાખે તો તમામ દુનિયા હલાક થઇ જાય.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે જહન્નમની અંદર ઓછામાં ઓછો અઝાબ એ છે કે આગના

બે જોડા પગમાં પહેરાવશે અને તેની ગરમીથી તેના માથાનો મગજ દેગની જેમ જોશ ખાશે અને તે એમ સમજશે કે તમામ જહન્નમી કરતાં તેને વધારે અઝાબ છે પણ તે અઝાબ તમામ અઝાબ કરતાં હલકો હશે.

હદીસમાં છે કે જહન્નમની અંદર 'ફલક' નામનો એક કૂવો છે અને તેની ગરમીથી જહન્નમી લોક ફરિયાદ કરશે, તે ફલક એક વખત ખુદા પાસે રજા માંગી કે જરા શ્વાસ લઉં, તેને રજા મળવાથી શ્વાસ લીધો તેથી તમામ જહન્નમ બળી ગઇ, મજકૂર કૂવામાં આગની

એક પેટી છે, તે પેટામાં આગળની ઉમ્મતના છ જણાને અઝાબ થાય છે : ૧. હઝરત આદમ (અલય્હિસ્સલામ)નો પુત્ર કાબીલ કે જેણે ભાઇને નાહક મારી નાખ્યો. ૨. નમરૂદ કે જેણે હઝરત ઇબ્રાહિમ (અલય્હિસ્સલામ)ને આગમાં નાખ્યા. ૩. ફીરઔન કે જે ખુદાઇનો દાવો કરતો હતો. ૪. સામરી કે જેણે ગુસાલાપરસ્તી શીખવી. ૫. યહૂદીઓનો એક શખ્સ કે જેણે તેઓના પયગંબરની બાદ ગુમરાહ કરેલ છે. ૬. એક શખ્સ કે જેણે નસારાઓને તેઓના પયગંબરની બાદ ગુમરાહ કરેલ છે અને છ

શખ્સ આ ઉમ્મતની અંદરના અહ્લેબયતના દુશ્મન છે તેઓને પણ એ જ કૂવામાં અઝાબ થાય છે.

હઝરત રસૂલેખુદા સામે ફરમાવ્યું કે જો મસ્જિદની અંદર લાખ અથવા તેથી પણ વધારે માણસો હોય અને એક શખ્સ જહન્નમની અંદરથી શ્વાસ લે અને તેનો અસર તેઓને પહોંચે તો તમામ જણ અને મસ્જિદ બળી જાય અને ફરમાવ્યું કે જહન્નમની અંદર ઊંટ જેવડા મોટા સાપ છે અને તે જ્યારે કરડે છે તો ચાળીસ વરસ સુધી તેનું દર્દ રહે છે અને

ખચ્ચર જેવડા વીછું છે અને તેઓ કરડે તો તેની ઇઝા પણ ઘણી લાંબી મુદ્દત રહે છે.

અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે જહન્નમના સાત દરવાજા છે. સિત્તેર હજાર પહાડ અને દરેક પહાડોની અંદર હઝાર ગુફા છે અને દરેક ગુફાની અંદર સિત્તેર હઝાર જંગલ છે અને દરેક જંગલની અંદર સિત્તેર હઝાર ભોંયરા છે અને દરેક ભોંયરામાં સિત્તેર હઝાર ઘર છે અને દરેક ઘરમાં સિત્તેર હઝાર સાપ છે અને દરેક સાપની લંબાઇ ત્રણ દિવસના રસ્તા જેટલી છે અને તેની ફેણ મોટા

મોટા ખજૂરીના ઝાડ જેટલી છે. જહન્નમી માણસની પાસે તેઓમાંથી એક સાપ આવે છે અને તેની આંખની પાંપણ અને હોઠ પકડી લે છે અને તેના હાડકાથી ગોશ્ત અને ચામડી જુદી કરે છે. માણસ તે સાપથી ભાગી જહન્નમની નહેરોમાં પડે છે અને ચાળીસ વરસ સુધી તેની નીચે જાય છે.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે ખુદાવંદે કરીમે દરેક ઇન્સાન માટે બે મકાન બનાવેલ છે : એક મકાન બેહિશ્તમાં અને એક મકાન

દોઝખમાં. જ્યારે લોકો બેહિશ્તમાં અને દોઝખમાં પોતપોતાના અઅમાલ મુજબ જશે તો તે વખતે જન્નતી લોકોને મલાએકા જહન્નમની અંદર તેઓના મકાન બતાવશે અને કહેશે કે જો તમોએ ગુનાહના કામો કર્યા હોત તો તમોને આ જહન્નમના મકાનોમાં જગ્યા આપતે. તે વખતે તેઓ એટલા તો ખુશી થશે કે અગર ત્યાં મોત હોય તો ખુશીના જોશમાં મરી જાય, કેમકે એવા મોટા અઝાબથી બચીને આવી આલીશાન નેઅમતો મેળવી.

પછી જહન્નમી લોકોને નિદા થશે કે ઉપર જુઓ. જ્યારે બેહિશ્તને જોશે તો તેઓ માટે નેઅમતો અને મકાનો બનાવેલા તેઓ જોશે અને ફરિશ્તાઓ કહેશે કે જો તમોએ ગુનાહના કામ કર્યા ન હોત અને ખુદાની ઇબાદત કરી હોતે તો આ જગ્યા અને નેઅમતો તમોને મળતે. એ જોઇને તે જહન્નમીઓને એટલી ગમગીની થશે કે અગર જહન્નમની અંદર મોત હોય તો ગમીના સબબથી મરી જાત. આ બયાન એ આયતની તફસીરમાં છે કે ખુદાએ ફરમાવેલ છે કે એ લોકો વારીસોથી કે

બેહિશ્તને વારસામાં લઇ જશે. મતલબ એ કે જેના માટે તે મકાનો બનાવ્યા તેઓ જન્નતમાં જશે અને તેઓને બદલે બીજાઓ તેમાં રહેશે.

હઝરત ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે જ્યારે જન્નતી લોક જન્નતની અંદર જશે અને જહન્નમી લોક જહન્નમમાં જશે ત્યારે પરવરદિગારે આલમના તરફથી મુનાદી નિંદા કરશે કે અય જન્નતી લોકો અને અય દોઝખી લોકો તમારી પાસે મૌત એક જાતની સુરત બનીને આવે તો ઓળખશો ? તેઓ જવાબ આપશે કે નહીં. તે

વખતે મૌત ને કાળા અને ધોળા મોઢાની સુરતમાં લાવીને દોઝખ અને જહન્નમની વચમાં રાખશે અને તેઓને કહેશે કે જુઓ આ મૌત છે. પછી ખુદાવંદે કરીમ તે મૌતને ઝબહ કરવાનો હુકમ આપશે. તેથી મૌતને મારી નાખશે. તે વખતે ખુદાવંદે કરીમ જન્નતી લોકોને કહેશે કે હવે તમારા માટે મરવાનું નથી. માટે હંમેશાં જન્નતમાં રહો. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કોઇએ પૂછયું કે યા હઝરત શું કામ કરે તો જહન્નમનાં જાય ? હઝરતે

ફરમાવ્યું કે જૂઠું બોલે તો. કેમકે જૂઠું બોલે તો ફાજીર (બદકાર) છે અને જ્યારે ફાજીર થયો તો કાફર અને કાફર થયો તો તેના માટે દોઝખ છે.

જહન્નમના સાત દરવાજા છે અને દરેક દરવાજો એક એક ટોળા માટે મુકર્રર કરેલ છે. હઝરતે જિબ્રઇલને પૂછયું કે તેના દરવાજા અમારા ઘરોના દરવાજા જેવા છે ? જિબ્રઇલે જવાબ આપ્યો કે નહીં, બલ્કે તે દરવાજા બહુ જ મોટા છે એટલે સુધી કે એક દરવાજાથી બીજા દરવાજા સુધી સિત્તેર વરસનો રસ્તો છે

અને તેની નીચેની ગરમી ઉપરની ગરમી કરતાં સિત્તેર દરજા વધારે છે. ખુદાના દુશ્મનોને જહન્નમ તરફ ખેંચતા ખેંચતા લઇ જશે જ્યારે જહન્નમ પાસે પહોંચશે તો દોઝખની સાંકળો અને તૌક તેની સામે દોડશે અને મોઢાની અંદર સાંકળો દાખીલ થઇ નીચેથી બાહેર નીકળશે અને બંને હાથ ગળામાં વીંટી આપશે. તે દરેક જણને શયતાનની સાથે બાંધશે અને ફરિશ્તાઓ આતીશે દોઝખના ગુરજ મારશે. તેઓ બાહેર

આવવા ચાહશે પણ તે ગુરજના સબબથી પાછા દોઝખની અંદર જશે.

હઝરતે પૂછયું કે આ લોકો કોણ છે ? કે તેઓને દોઝખમાં દાખીલ કરશે ! જિબ્રઇલે જવાબ આપ્યો કે યા હઝરત જે દરવાજો તમામ દરવાજાથી નીચે છે તેમાં મુનાફેકો અને ફીરઔનના અસ્હાબો દાખીલ થશે અને તે દોઝખનું નામ 'હાવીયાહ' છે અને બીજા દરવાજાથી જે લોકો ખુદાને મૂકીને બીજાને ખુદા ઠેરવશે તેઓ દાખીલ થશે અને તેનું નામ 'જહન્નમ' છે અને ત્રીજા દરવાજામાં સાએબીન

લોક કે જેઓએ હઝરત ઇસા (અલય્હિસ્સલામ)ની વસીયત મુજબ અમલ કરેલ નથી તેઓને મળતા લોકો છે તેઓ દાખીલ થશે અને તે દોઝખનું નામ ‘સકર’ છે. ચોથા દરવાજાથી એક પયગંબરની ઉમ્મત દાખીલ થશે કે તેઓ બેદીન થયા છે અને શયતાનોને દાખીલ કરશે અને તેનું નામ ‘નતી’ છે અને પાંચમાં દરવાજાથી એ લોકો દાખીલ થશે કે જેઓએ હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ના હુકમ અને તેઓની વસીયતની નાફરમાની કરેલ છે અને તેનું

નામ ‘હોતમા’ છે. છઠ્ઠા દરવાજાથી જેઓએ હઝરતઇસા (અલય્હિસ્સલામ)ની નાફરમાની કરી તેઓની બાદ તેઓના ફરમાનથી ઉલટા ચાલશે તેઓ દાખીલ થશે અને તેનું નામ ‘સઇર’ છે.

પછી જિબ્રઇલ ચુપ થઇ ગયા. તે વખતે હઝરતે ફરમાવ્યું કે અય જિબ્રઇલ, સાતમા દરવાજાનો પણ હાલ બયાન કરો. જિબ્રઇલ અરજ કરી યા હઝરત તે વિષે કાંઇ પૂછો નહીં. હઝરતે કહ્યું કે ના એમ ન થાય, તેનો હાલ પણ બયાન કરો. તે વખતે જિબ્રઇલે કહ્યું કે યા

હઝરત, સાતમા દરવાજાથી આપની ઉમ્મતના ગુનેહગારો દાખીલ થશે કે જેઓએ કબીરા ગુનાહ કર્યા હશે. જેમકે શરાબ પીધી હશે, ઝિના કરી હશે વિગેરે. એવા ગુનાહના કામ કરનારાઓને તે દરવાજાથી દાખીલ કરશે પણ શરત એ છે કે અગર તૌબા કર્યા સિવાય દુનિયાથી ગયા હશે તો તે અઝાબને લાયક થશે. ત્યારપછી હઝરત બેહોશ થઇ ગયા વગેરે લંબાણથી લખેલ છે. અત્રે ટૂંકમાં જરૂરી લખેલ છે.

************

# 3.સ્ત્રીને પરદો કરવાનો હુકમ

સૂરએ નૂરમાં અલ્લાહ ફરમાવે છે અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મોઅમીનોને કહો કે તમો નામેહરમોને જોવાથી પોતાની આંખોને બંધ અને નીચી કરો કે તે ફીતનામાં નાખનારી છે અને તમામ ઇંદ્રિયો કરતાં જે વધારે તેજ છે. તે બીજી ઇંદ્રિયો પોતાની જગ્યાએ કાયમ છે કે ચીઝ તેની પાસે જાય તેની તેને ખબર પડે પણ આંખ છે તે દૂરથી અને નજીકથી જુવે છે અને ફીતનામાં નાખે છે અને કહે કે તેઓ

પોતાની શરમની જગ્યાઓને હરામથી બચાવે. પછી ફરમાવે છે કે આ એટલે આંખનું નીચું કરવું અને શરમની જગ્યાઓને હરામથી બચાવવું. તેઓ માટે વધારે પાકીઝા છે કે તે દુનિયામાં ઝિનાની બલામાં ફસાવવાથી અને આખેરતમાં અઝાબમાં ગિરફતાર થવાથી બચાવે છે.

મોઅમીના ઓરતો વિષે હુકમ કરે છે કે અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તું મોઅમીના ઓરતોને કહે કે તેણીયો પોતાની આંખોને નામેહરમ મરદોને

જોવાથી નીચી કરે અને તેણીયો પોતાની શરમની જગ્યાઓને હરામ કામથી બચાવે.

મોઅમીનને હલાલ નથી કે મોઅમીનની શરમની જગ્યા તરફ નઝર કરે તેમજ ઓરતના માટે પણ જાએઝ નથી કે તેણી પોતાની મોઅમેના બહેનની શરમની જગ્યા ઉપર નઝર કરે અને હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરી છે કે હઝરતે ફરમાવ્યું કે જો તમો મારી સાથે છ ચીઝોના ઝામીન થાઓ તો હું તમારી માટે બેહિશ્તનો ઝામીન થાઉ છું.૧.

વાત કહો તે સાચી કહો. ૨. વાયદો કરો તો વફા કરો. 3. અમાનતમાં ખયાનત ન કરો. ૪. પોતાની શરમની જગ્યાઓને હરામથી બચાવો. ૫. નામેહરમ તરફ નઝર કરવાથી બચો. ૬. હાથને હરામ લુકમાંથી બચાવો. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું છે કે પારકી સ્ત્રીના શણગાર તરફ નઝર કરવી તે શયતાનના ઝેર ભરેલા તીરોમાંનું એક તીર છે જે કોઇ ખાસ ખુદાની ખુશી માટે એ બાબતને છોડી દીયે તો અલ્લાહ તેના બદલામાં એવું

ઇમાન અતા ફરમાવે કે તેની તે લઝઝત પામે અને હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મે ફરમાવ્યું કે નામેહરમની તરફ નઝર કરવી આંખના ઝિના છે અને એ જ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ નઝર ભરીને નામેહરમ સ્ત્રીની સામે નઝર કરે તો અલ્લાહ કયામતના દિવસે તેની આંખોમાં અગ્નિના ખીલા ઠોકશે અને તેમાં આગ ભરી દેશે. પછી તેને દોઝખમાં લઇ જવાનો હુકમ કરશે અને એ જ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ પોતાના પાડોશીના ઘરમાં ડોકાઇને સ્ત્રીના

શણગાર તરફ અથવા તેના વાળ કે શરીર તરફ નઝર કરે તો અલ્લાહ તેને જે મુનાફીકો મુસલમાન સ્ત્રીઓના અયબ શોધે છે જો કોઇ ઓરત સાથે નિકાહ કરવા હોય તો તેના ચેહરાને જોઇ શકે છે અને બીજી ફેરી નઝર કરી શકે છે અને કપડા ઉપરથી તેના શણગારને પણ જોઇ શકે છે અને જે લોંડીને ખરીદ કરવી હોય તેને તેણીના ચહેરાને પણ જોઇ શકે છે. અને કાફેરોની સ્ત્રીઓ ઉપર લઝઝત વગર જોવે તો હરકત નથી અને મરદ મરદની શરમની જગ્યા સિવાય તમામ શરીર જોઇ શકે

છે અને તેવી જ સ્ત્રી સ્ત્રીની પણ તેની શરમની જગ્યા સિવાય આખા શરીરને જોઇ શકે છે.

નામેહ્રમ મરદ કોઇપણ મુસલમાન સ્ત્રીને જોઇ શકતો નથી પણ તે પોતાની દીકરી, મા, વહુ, સાસુ, ફઇ, માસી, બાપની સ્ત્રી, દાદી, નાની, બહેન, ભાણેજ, ભત્રીજી, દીકરાની વહુ, પોતે સોહ્બત કરેલી સ્ત્રીની દીકરી અને ભાઇ-બહેન અને પોતાની અવલાદની દીકરીઓ અને પોતે સોહ્બત કરેલી સ્ત્રીના દીકરાની દીકરી અને એ જ પ્રમાણે દૂધ પીવાના સબબથી જે ઓરતો સગી

થાય છે તેણીયો વિગેરેને જોઇ શકે છે અને એ સિવાય બીજી ઓરતોને જોઇ શકતો નથી અને જે રિવાજ છે કે પોતાની ભાભી અને માસી, ફઇ, કાકા અને મામાની દીકરીયો તેમજ એ સિવાય પોતાની સાળી અને મોઢાની કહેલી ભાભી બહેનને જુવે છે અને તેણીયો પરદો કરતી નથી તો એ શરામાં દુરસ્ત નથી અને તેમજ ઓરતો પોતાના બનેવી, માસી, ફઇ, કાકા, મામાના દીકરા અને દીયરથી પરદો કરતી નથી તે પણ દુરસ્ત નથી અને મોટો ગુનાહ છે, ઓરત અને શવહર અરસપરસ

એક બીજાના તમામ અંગને જોઇ શકે છે. કોઇ નામહ્રરમ સ્ત્રી ઉપર અચાનક નઝર પડે તો તેમાં કાંઇ હ્રરકત નથી પણ નઝરને ઠેહ્રરાવે નહીં તેમજ બીજી વખત નજર કરે નહીં તેમજ જાણી જોઇને નઝર કરે નહીં. પણ જરૂરિયાતના વખતે નામહ્રરમ સ્ત્રીને જોઇ શકાય છે જેમકે હ્રકીમ (વૈદ્ય) ઇલાજ કરતી વખતે તેને જોવાની હ્રાજત હ્રોય તો જોઇ શકે છે અને ગુલામ પોતાની માલેકાને જોઇ શકતો નથી અને એવી રીતે સ્ત્રીએ ગુલામથી પરદો રાખવો જોઇએ. અને નામહ્રરમ સ્ત્રી આંધળા

પુરૂષને જોઇ શકતી નથી અને આંધળો જાણી જોઇને નામહ્રરમ સ્ત્રીના અવાઝોને સાંભળે નહીં અને હીજડો પણ નામહ્રરમ સ્ત્રીને જોઇ શકતો નથી. તેમજ સ્ત્રી પણ હીજડાને જોઇ શકતી નથી અગરચે તેણીના જ નાણાથી ખરીદેલો હોય.

હઝરતે ઉમ્મે સલમાથી રિવાયત છે કે પરદાની આયત નાઝિલ થવા પછી હું અને મયમૂના હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે બેઠી હતી. એટલામાં અબ્દુલ્લાહ બીન મકતુમ

આંધળા આવ્યા તો હઝરતે અમોને ફરમાવ્યું કે સંતાઇ જાઓ, અમોએ અરજ કરી કે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તે તો આંધળા છે ? ફરમાવ્યું કે તે આંધળા છે તો શું થયું ? તમો તો આંધળીયો નથી ? અને કેટલીક તફસીરોમાં લખ્યું છે કે એક વખત હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જનાબે ફાતેમા (અલય્હિસ્સલામ)ના ઓરડામાં બેઠા હતા. એટલામાં અબ્દુલ્લાહ બીન મકતુમ કાંઇ પુછવા માટે આવ્યા તો હઝરત ફાતેમા

(અલયહિસ્સલામ) તરત જ ઉઠીને પરદામાં જતા રહ્યા. જ્યારે અબ્દુલ્લાહ ચાલ્યા ગયા તો હઝરતે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) હઝરત ફાતેમા (અલયહિસ્સલામ)ને ઇમ્તેહાન માટે પૂછયું કે અય ફાતેમા તેં અબ્દુલ્લાહથી શા માટે પરદો કર્યો ? તે તો આંધળા છે. જનાબે ફાતેમા (અલયહિસ્સલામ)મે કહ્યું કે તેની આંખો નથી અને તે મને જોતા નથી પણ મારી તો આંખો છે અને હું તો તેને જોઉં છું. !!

**જન્નત જહન્નમ**

હઝરત ઇમામે મોહમ્મદે બાકિર (અલય્હિસ્સલામ)થી મનકૂલ છે કે મદીનામાં અનસારમાંનો એક જવાન ચાલ્યો જતો હતો એટલામાં સામેથી એક સ્ત્રી આવી, તેણીના કાનો પાછળ શણગાર કરેલો હતો. તે જવાને તેણીને જોઇ તેથી તેણીનો શણગાર જોતો જોતો તેણીની પાછળ ગયો, રસ્તામાં એક ગલી આવી તેમાં એક ભીંતની અંદર હાડકું અથવા કાચ હતો તેનું તેને ભાન રહ્યું નહીં કેમકે તે તેણીનો શણગાર જોતો જોતો જતો હતો, એટલામાં તે હાડકું અથવા કાચ તેના

મોઢા ઉપર વાગ્યું તેથી ઝખમ થયું. તે ઓરત ચાલી ગઇ અને નઝરથી ગાએબ થઇ ગઇ તો તેણે પોતાના શરીર ઉપર લોહી વહેતું જોયું. તેણે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને દેખાડયું અને હઝરતને અરઝ કરી ત્યારે આ આયત નાઝીલ થઇ અને ઓરતને હુકમ થયો કે પોતાના શણગારને નામહરમો ઉપર ઝાહેર કરે નહીં.

ઓરતોને માટે હુકમ છે કે પોતાનું માથું, ગરદન અને છાતી ઢાંકે. ઓઢણીઓ અંગ ઉપર નાંખી ઉઘાડા માથે બાહેર જાય નહીં,

તેમજ પોતાનો શણગાર તથા શણગારની જગ્યાઓ જેમકે માથું ખભા છાતી અને પીંડલી વગેરે જાહેર ન કરે, આ ઝમાનામાં એવા બારીક દુપટ્ટા નીકળ્યા છે કે ગરદન, માથું વગેરે ખુલ્લી રીતે દેખાય છે, તે ઓઢીને નમાઝ પડે તો બાતિલ છે, એ ઓઢીને બહાર નીકળવું હરામ છે, તેમાંથી બાલ પણ દેખાય છે.

અહેલે સુન્નત જમાતની કીતાબમાં નકલ છે કે હઝરત રસૂલખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે મન

અહ્બ્બ અલીય્યન દખલલ જન્નત બેગયરે હેસાબ. એટલે જે કોઇ અલીને દોસ્ત રાખશે તે વગર હીસાબે જન્નતમાં દાખીલ થશે, તેઓની જ મનાકબે મુરતઝવી અને મુવાદત નામની કિતાબોમાં જાબિરથી મનકુલ છે કે હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મે ફરમાવ્યું કે જ્યારે કયામતનો દિવસ કાયમ થશે તો પરવરદિગારે આલમ તરફથી જિબ્રઇલ ચાવીઓના બે ઝુડા લઇને મારી પાસે આવશે, એક ઝુડો બેહિશ્તની ચાવીનો અને બીજો ઝુડો દોઝખની ચાવીનો

હશે, બેહિશ્તની ચાવીઓ પર આલે મોહમ્મદના શીઆહના નામ હશે અને જહન્નમની ચાવીઓ પર તેઓના દુશ્મનોના નામ હશે. પછી જીબ્રઇલ કહેશે યા અહમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ તમારા દુશ્મનો માટેની દોઝખની ચાવીયો છે. તે વખતે તે બંને ઝુડા હું અલી ઇબ્ને અબીતાલીબને આપીશ તે વખતે અલી ચાહશે એવી રીતે લોકોની દરમિયાન હુકમ કરશે, તો હું ખુદાની કસમ ખાઇને કહું છું કે અલીના

દુશ્મનો બેહિશ્તમાં જવા નહીં પામે અને અલીના દોસ્તો દોઝખમાં નહીં જાય.

************

## 4.હયવાનોની ઇબાદત

અય ઇન્સાનો ! હયવાન પણ અલ્લાહની ઇબાદત કરે છે !! ત્યારે તમે તો અશ્રફુલ મખલુકાતનો માનવંતો ખિતાબ ધરાવો છો છતાં ઇબાદત કરવામાં શા માટે સુસ્તી કરો છો ? જરા હયવાનોની ઇબાદત વાંચીને વિચારો.

હઝરત ઇમામે હુસયન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું છે કે ખુદાની મખ્લુકમાં કોઇ ચીજ એવી નથી કે તેની તસ્બીહ કરતી ન હોય જેમકે હક તઆલા ફરમાવે છે કે વઇન મિન શયઇન ઇલ્લા યોસમ્બેહો બેહમ્દેહી, વલાકિન લાતફકહુન તસ્બીહહુમ, એટલે કોઇ ચીજ એવી નથી કે ખુદાની તસ્બીહ કરતી ન હોય, પણ તે તેને સમજતા નથી.

*** ઉંટની ઇબાદત :**

ઉંટનું જન્નતની કસ્તુરીથી ખુદાએ સર્જન કર્યું છે. તે ખુદાની તસ્બીહ કરે છે :

સુબ્હાન મનયરા, વલાયોરા વહોવ બિલ મનઝુરિલ અઅલા અલ્લાહુમ્મલઅન મન તરકસ્સલાત મોતઅમ્મેદન.

અલ્લાહ પાક, પાકીઝા છે અને તેની ઝાતમાં કોઇ શરીક નથી તે જોવામાં નથી આવતો અને તેનો હુકમ તમામના હુકમ ઉપર છે. ખુદાવંદા તું લાઅનત કર એના ઉપર કે જે નમાઝ જાણીને ન પડે, તેમજ તે કહે છે કે

અલ્લાહ જબરજસ્ત અને ઝાલીમોને ઝલીલ કરનાર છે.

## * મુર્ગાની ઇબાદત :

મુર્ગા ખુદાની તસ્બીહ આ મુજબ કરે છે :

સુબ્હાન લમયલિદ વલમ યુલદ અલ્લાહુમ્મઅલ્અન મનકતઅરરહમ, પાક છે એ ખુદા કે જેને કોઇએ જણ્યો નથી તેમ તે કોઇને જણતો નથી, ખુદાવંદા જે કોઇ પોતાના ગરીબ સગાઓની ખબર રાખે નહીં અને કતેરહમ કરે તેના ઉપર લાઅનત કર, તેમજ

તે કહે છે ઉઝકોરૂલ્લાહ યાગાફેલુન એટલે અય ગાફેલો ખુદાને યાદ કરો.

## * પોપટની ઇબાદત :

પોપટ કહે છે મનઝકર રબ્બહુ ગફર ઝન્બહુ, જેણે ખુદાને યાદ કર્યો તેને ખુદાએ બક્ષી આપ્યો.

## * ચકલીની ઇબાદત :

ચકલી આ મુજબ તસ્બીહ કરે છે :

અલ્લાહુમ્મા ઇન્ના ખોલેક મિન્ખલ્કેક લાબુદ્દલના રિઝક્કા ફઅત્ઇમ્ના વસ્કેના, એટલે

અય ખુદા તારી મખ્લુક છીએ તો જરૂર અમારા માટે તારા તરફની રોઝી અમોને ખવરાવ પીવરાવ, તેમજ તે કહે છે કે જે બાબતોથી ખુદા ગુસ્સે થાય તેથી મગફેરત ચાહું છું.

## * શેરની ઇબાદત :

શેર આ મુજબ ઇબાદત કરે છે : સુબ્હાના રબ્બી, સુબ્હાન ઇલાહી સુબ્હાન મન અવકઅલ્મહાબત વલ્મખાફત ફીકોલુબે એબાદેહી મિન્ની, મતલબ કે એ પાક પાકીઝા છે કે જેણે પોતાના બંદાઓના દિલમાં મારો ખોફ અને રોઅબ રાખેલ છે તેમજ કહે છે

ખુદાની ઇબાદત બહુ જ ધ્યાનથી કરવી જોઇએ.

## ⁕ બકરાની ઇબાદત :

બકરાને ખુદાએ જન્નતના મધથી પયદા કર્યો છે. બકરો આ મુજબ ખુદાની તસ્બીહ કરે છે -

આજિલ્નીલ્મવત સકલ ઝન્બી વઝાદ. મને મોત જલ્દી આપ, કેમકે ગુનાહ ભારે અને વધારે થયા છે.

## ⁕ ઘોડાની ઇબાદત :

ઘોડાને જન્નતની હવાથી પયદા કર્યો છે. ઘોડો આ મુજબ ખુદાની તસ્બીહ કરે છે -

સુબ્બુહન સુબ્બુહન કુદ્દુસુન અલ્લાહુમ્મ લઅન માનેઅઝઝકાત. પરવરદિગાર તમામ અયબથી પાક અને પાકીઝા છે બંદગી કરવાને લાયક છે. અય અલ્લાહ, તું લાઅનત કર એના ઉપર કે જેના ઉપર ઝકાત વાજીબ હોવા છતાં ન આપે.

સવારે તે તસ્બીહ કરે છે તેમાં પોતાના માલિક માટે રોઝી બોહળી થવાની અરજ કરે છે અને બપોરના બીજી દોઆ અને સાંજના

ત્રીજી દોઆ અને જંગ તથા લડાઇ વખતે કહે છે ખુદાવંદા મોઅમિનોને કાફેરો ઉપર ફતેહ આપ ઇત્યાદિ.

### * ગધેડાની ઇબાદત :

ગધેડાને ખુદાએ જન્નતના પથરાથી બનાવેલ છે. ગધેડો આ મુજબના ખુદાને યાદ કરે છે -

સુબ્હાન મન સખ્ખરના લીલ્એબાદે, અલ્લા હુમ્મલઅત અન ઇમરતુન લહા ઝવજુન ફ ઝનત, વ રજોલન ઇમરઅતુન ફ ઝના.

પાક અને પાકીઝા છે એ પરવરદિગારે આલમ કે તેણે અમોને પોતાના બંદાઓના તાબેદાર કર્યા. અય ખુદાવંદા તું લાઅનત કર એ ઓરત ઉપર કે જેણીને મરદ હોવા છતાં ખરાબ કૃત્ય કરે અને લાઅનત કર એના ઉપર કે જેણે ઓરત હોવા છતાં ખરાબ કૃત્ય કરે.

## * ગાયની ઇબાદત :

ગાયને ખુદાએ જન્નતના મધથી બનાવી છે. ગાય આ મુજબ ખુદાને યાદ કરે છે

મહ્લન, મહ્લન, યમ્ન આદમ, અન્ત બયન યદય મનયરા વલાયોરા, વહ્રોવ

વલ્લાહ. અય આદમના ફરઝંદ ધીરો થા, તું એની સામે છો કે જે તને જુએ છે અને તે જોવામાં આવતો નથી અને તે અલ્લાહ છે.

*** હાથીની ઇબાદત :**

હાથી કહે છે કે - લાયુઝ્ની અનિલ્મવતે કુવ્વતન વલાહીલતન. એટલે મોતથી કોઇ કુવ્વત કે યુક્તિ બચાવનાર નથી.

*** જળોની ઇબાદત :**

મકિલ (જળો) કહે છે - "સુબ્હાન મન યોસબ્બેહો લહુ માફી કઅરીલ બેહારે, સુબ્હાન

મન અબદ લહુ માફિલ કેફારે, અલ્લાહુમ્મલઅન આકલ વાલેદયન” ખુદા પાક અને પાકીઝા છે, તેની તસબીહ દરિયાના અંદરની અને ખુશ્કીની રહેવાવાળી ચીજો કરે છે, અય પરવરદિગાર, તું લાઅનત કર એના ઉપર કે જેનાથી માબાપ નારાજ થઇ જાય.

## ⁕ ચિત્તાની ઇબાદત :

ચિત્તો કહે છે કે યા અઝીઝો, યા જમ્બારો, યા મોતકબ્બેરો, યા અલ્લાહ, એટલે અય માનવંતા ! અય મહાન બુઝુર્ગ, અય બેપરવા, અય ખુદા.

### * કૂતરાની ઇબાદત :

કૂતરો કહે છે કે ઝલીલ થવા માટેની ખુદાની નાફરમાની કાફી છે.

### * ગીધની ઇબાદત :

ગીધ, નામના પક્ષી વિશે હઝરત ઇમામે હુસયન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે તે કહે છે કે, અય આદમના ફરઝંદ જુવે તેવી રીતે જિંદગી ગુઝાર, પણ છેવટ મોત છે, તેમજ તે કહે છે કે અય (અલ્લાહ) છુપી વાતોના જાણવાવાળા અને બલાને દફે કરવાવાળા.

## * મોરની ઇબાદત :

મોર કહે છે કે મેં પોતાના નફસ ઉપર ઝુલમ કર્યો, એટલે મારા શણગાર ઉપર મેં મગરૂરી કરી, માટે મારા ગુનાહ બક્ષી દે.

## * જંગલી મુરઘાની ઇબાદત :

જંગલી મુરઘો કહે છે કે જે શખ્સ ખુદાને ઓળખે છે તો તેની યાદથી ગાફિલ રહી શકતો નથી.

## * બાશાની ઇબાદત :

બાશા નામનું પક્ષી કહે છે કે હું તારી ખુદાઇ અને કયામત ઉપર ઇમાન લાવ્યો.

### * કુરકુરહની ઇબાદત :

કુરકુરહ નામનું પક્ષી કહે છે કે ખુદા ઉપર તવક્કલ કર કે તે તને રોજી આપે.

### * ઉકાબની ઇબાદત :

ઉકાબ નામનું પક્ષી કહે છે કે જે ખુદાની તાબેદારી કરે તે બદબખ્ત થતો નથી.

### * શાહીનની ઇબાદત :

શાહીન પક્ષી કહે છે કે સુબ્હાનલ્લાહે હક્કન હક્કા, એટલે હક વાત એ છે કે હક તઆલા પાક પાકીઝા છે.

### * તીતરની ઇબાદત :

તીતર કહે છે કે અર્રહ્માનો અલલ અર્ષીસ્તવા. એટલે અલ્લાહ તઆલા અર્ષ વી. તમામ ઉપર સત્તા ધરાવે છે.

### * ચુગદની ઇબાદત :

ચુગદ કહે છે કે લોકોથી છેટા રહેવામાં વધારે મોહબ્બત થાય છે.

* **જંગલી કાગડાની ઇબાદત :**

જંગલી કાગડો કહે છે કે અય રોઝી આપનાર ! હલાલ રોઝી આપ.

* **કુલંગની ઇબાદત :**

કુલંગ કહે છે કે અલ્લાહ તું મને મારા દુશ્મનોની ઇઝાથી રક્ષણમાં રાખ.

* **લકલકની ઇબાદત :**

લકલક કહે છે જે લોકોથી છેટે રહેશે તે તેમની ઇઝાથી બચી જશે.

* **અરદિકની ઇબાદત :**

અરદિક કહે છે કે યા અલ્લાહ હું તારી પાસે બક્ષીશનો તલબગાર છું.

* **હુદહુદની ઇબાદત :**

હુદહુદ કહે છે કે જે શખસ ખુદાની નાફરમાની કરે છે તે સખ્ત બદબખ્ત છે.

* **કુમરીની ઇબાદત :**

કુમરી કહે છે કે છુપી બાબતોને જાણનાર અલ્લાહ છે.

* **ટોટરૂની ઇબાદત :**

ટોટરૂ કહે છે કે અય અલ્લાહ, તું જ માલિક છો, તારા સિવાય કોઇ માલિક નથી.

* **બુલબુલની ઇબાદત :**

બુલબુલ કહે છે 'લાએલાહા ઇલ્લલ્લાહો હક્કન હક્કા' એટલે હક વાત એ છે કે અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી.

* **ચકોરની ઇબાદત :**

ચકોર કહે છે કે હક નજીક છે, હક નજીક છે !!

* **સમાનાની ઇબાદત :**

સમાના કહે છે કે અય આદમના ફરઝંદ, તું મોતને કેટલો ભૂલ્યો છે ?

*** ફાખ્તાની ઇબાદત :**

ફાખ્તા કહે છે યા વા વાહેદો, યા અહદો, યા સમદો, યા ફર્દો.

*** સબ્ઝકબાની ઇબાદત :**

સબ્ઝકબા કહે છે કે અય મારા મવલા મને જહન્નમની આગથી આઝાદ કર.

*** કુમ્બરાહની ઇબાદત :**

કુમ્બરાહ કહે છે કે અય મારા મવલા, તમામ ગુનેહગારોની તૌબા કબુલ કર.

### * પાળેલા કબૂતરની ઇબાદત :

પાળેલું કબૂતર કહે છે કે અગર તું મારા ગુનાહ નહીં બક્ષીશ તો હું બદબખ્ત અને બેનસીબ રહીશ.

### * અબાબીલની ઇબાદત :

અબાબીલ કહે છે કે અય તમામ ગુનેહગારોની તોબા કબુલ કરનાર હક એ છે કે તમામ વખાણને પાત્ર તું જ છો.

## * બળદની ઇબાદત :

બળદ કહે છે કે ગુનાહ કરો નહીં, કેમકે તમો ખુદાને જોતા નથી, પણ તે સર્વેને જોવે છે. અને તે તમામ મખલુકાતનો માલિક છે.

## * વરૂની ઇબાદત :

વરૂ કહે છે કે જેને ખુદા રાખે તેને કોણ ચાખે !?

## * ગીદડની ઇબાદત :

ગીદડ કહે છે કે જેઓ ગુનાહ ઉપર ગુનાહ કર્યા જ કરે છે, તેમનાં ઉપર બહુ જ અફસોસ છે અને તેમને સખ્ત અઝાબ થશે.

**⁕ લોંકડીની ઇબાદત :**

લોંકડી કહે છે કે દુનિયા મક્કરનું ઘર છે.

**⁕ સાપની ઇબાદત :**

સાપ કહે છે કે અય ખુદાએ રહીમ, જે તારી નાફરમાની કરે તે કેવો બદબખ્ત છે.

**⁕ વીંછીની ઇબાદત :**

વીંછી કહે છે કે બદી બુરી બલા છે.

### * સસલાની ઇબાદત :

સસલો કહે છે કે અય હકીકી ખુદા ખાસ તારા જ માટે તમામ તાઅરીફ છે, તું મને હલાક કરીશ નહીં.

એ મુજબ હયવાનો ખુદાની તસ્બીહ કરે છે, હયવાનો તો લાખો જાતના છે, પણ અમોએ થોડા લખેલ છે. દરેક હયવાન એક જ જાતની તસ્બીહ કરતું હોય એમ જણાતું નથી. બલ્કે કેટલાક વિશે બબ્બે ત્રણ ત્રણ ચાર ચાર પાંચ પાંચ જાતની તસ્બીહ કરવાનું લખેલ છે.

હયવાનો શું તસ્બીહ કરે છે તે વિશે પાંચ હઝાર યહુદીયોના પાંચ વકીલે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને સવાલ કરેલા છે અને આપે બરાબર જવાબ આપવાથી અને તે મુજબ તવરેતમાં હોવાથી એ પાંચે મુસલમાન થઇ ગયા અને તેઓએ પોતપોતાના કબીલામાં ખબર આપવાથી એ પાંચ હઝાર યહુદીયો મુસલમાન થયા છે. જે અલ્લામા "હાજી નાજી"એ 'મોઅજીઝાતે મુરતઝવી'માં છાપેલ છે.

કુલ્લો મન અલયહફાફાન, વયબ્કા વજહો રબ્બેક ઝુલ્જલાલે વલ્ઇકરામ.

ખુદાએતઆલા સુરએ રહમાનમાં ફરમાવે છે કે આ ઝમીન ઉપર જેટલી ચીજો છે તે તમામ ફના થઇ જનાર છે. ફકત ખુદાએ તઆલાજ હંમેશાં બાકી છે.

# 5.મોટા મહેલોમાં રહેનારાઓ

હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે :

અલા યા સાકેનલ કસરિલ મોઅલ્લા સતુદફનો અન કરીબિન ફિત્તોરાબી.

અય મોટા મોટા મહેલમાં રહેનારાઓ, ચેતો કે નજીકમાં તમે મરી જશો ! અને કબર (માટી)માં દફન થશો.

લહુ મલકુય્યોનાદી કુલ્લ યવમિન,
લેદુ લિલ્મવતી વમ્નુ લિલ્ખરાબી.

એટલે એ જ હઝરત ફરમાવે છે કે તમો ખબરદાર થાઓ કે ખુદાના હુકમથી એક ફરીશ્તો હંમેશાં ઝમીનવાળાઓને સંભળાવવા ઢંઢેરો કરે છે કે અય ગાફિલો શું ગફલતમાં પડયા છો ? તમો શા માટે મહેલો બાંધો છો ?! અને તેમાં પોતાની અમૂલ્ય ઉંમરને બરબાદ કરો છો ? અને તમે તો મરવા માટે જ પયદા થયા છો આ તમારી ઇમારતો વિરાન અને ખરાબ થઇ જશે !!!

જ્યારે કોઇ ગુજરી જાય છે ત્યારે તેના સગાવ્હાલા કકળાટ કરે અને રડે છે, ત્યારે

મલેકુલ મોત ગુસ્સે થઇને કહે છે કે તમે શા માટે રડો છો ? મેં કાંઇ તમારા ઉપર ઝુલ્મ કરેલ નથી, કે મારી શીકાયત કરો છો ! મેં કાંઇ તમારા ઉપર જોર નથી વાપર્યું કે ફરિયાદ કરી રહ્યા છો ?! જીવનના દિવસો પૂરા થયા ત્યારે ખુદાના હુકમ મુજબ મેં તેની રૂહ કબજ કરી અને આટલા ઉપર જ બસ નથી. બલ્કે હું કેટલીક વખત તમારા ઘરમાં આવીશ અને તમારા સગાવ્હાલાઓને લઇ જઇશ!!!

જનાબે અમીરૂલ મોઅમેનીન હઝરતઅલી (અલય્હિસ્સલામ)ફરમાવે છે કે -

અય્યોહન્નાસ મંય્યમ્શી અલા વજહિલ્અઝેં, ફઇન્નહુ યસીરો એલા બત્નેહી.

એટલે અય લોકો જાણો કે જે ઝમીન ઉપર ચાલે તે જરૂર તેની અંદર જશે !!!

કમ મિન્ગાફેલિન યન્સજો સવબન લેયલ્બેસહુ વઇન્નમા હોવ કફનોહુ.

એટલે કેટલાંક ગાફિલ છે કે પહેરવાના કપડા બનાવવા માટે કપડું વણાવે છે પણ તે તૈયાર થઇને આવે ત્યારે તો તેના કફનમાં કામ આવે છે !

વકમ મિન્ગાફેલિન યબ્ની બૈતન લે યસ્કોનોહુ, વઇન્નમા હોવ મવઝેઓ કબ્રેહી.

એટલે કેટલાકો એવા ગાફિલ છે કે રહેવા માટે ઘર બનાવે છે પણ તે તૈયાર થાય ત્યારે તેમાં તેની કબર થાય છે.

ખરેખર દુનિયા એક મુસાફર સમાન છે. જુવે તેટલી ઉમર હોય પણ છેવટે મરવું છે તેમાં પણ શક નથી. કોઇ શાએરે કહ્યું છે કે -

ઇસ મન્ઝીલે ફાનીમેં ન અપના દિલ લગાઓ.

યેહ આરયતન જા હય ઘર ન બનાઓ.

સીનેમેં યેહ દમ મિસ્લે ચિરાગે સહરી હ્ય.

કરલો અમલે ખેર યેહી નામવરી હ્ય.

ઇસ બાગમેં જીસ સરોકો દેખા સો રવાં હ્ય.

જીસ ગુલપે બહાર આજ હ્ય કલ ઉસ્પે ખિઝાં હ્ય.

કેટલાંક ફારસી શેઅર મલેકુલ મોતની ઝબાની કહ્યા છે -

અઝ પદર કર્દમ જુદા ફરઝંદરા.

મેં બાપથી દીકરાને જુદો કર્યો,

બેવા કર્દમ નવ ઊરૂસી ચંદરા.

કેટલીક નવી દુલહનને વિધવા કરી,

દિલમ રાહી નદારદ આહે કસ.

કોઇના ઠંડા શ્વાસથી હું ડરતો નથી,

નશનવમ ફર્યાદો વાવયલાહે કસ.

કોઇના કકળાટ ઉપર હું ધ્યાન આપતો નથી,

શાહ્રા અઝ તખ્તે શાહી મીકશમ.

બાદશાહને તેના તખ્ત ઉપરથી ખેંચું છું,

દર લહ્દ ખ્વાહી નખ્વાહી મીકશમ.

અને છેવટે કબરમાં દાખલ કરાવું છું.

ન ઝે તેગેમ ન અઝ તદબીર બીમ.

ન તલવારથી ડરૂં છું ન હીકમતથી,

ને ઝે હાકિમ તર્સમ ને અઝ હકીમ.

ન રાજાનો ખોફ છે ન ડોકટરથી ડરૂં છું,

કુ અર્સ્તાલીસ વ અફલાતું કુજાસ્ત.

અર્સ્તાલીસ તથા અફલાતુન હકીમ હતા તે કયાં છે ?

કયસરો ફગફુરો ફરીદું કુજાસ્ત.

કયસર ફગફુર અને ફરીદુ જેવા બાદશાહ કયાં છે ?

જમ કુજા દારા કુજા સદ્દાદ કુજાસ્ત.

જમ અને દારા તેમજ શદ્દાદ બાદશાહ કયાં છે ?

કોમે તુમ્બઅ કુસમુદો આદ કુજાસ્ત.

તુમ્બઅ બાદશાહની કોમ અને સમુદ તથા આદ કયાં ગયા ?

રૂસ્તમો રૂઇતન વ બીઝન કુજાસ્ત.

રૂસ્તમ, રૂતઇન અને બીઝન જેવા શુરવીર પહેલવાનો કયાં છે ?

ઝાલ કુજા સાંસા કુજા બહમન કુજાસ્ત.

ઝાલ, સાંસા તેમજ બહમન જેવા બહાદુર લડવઇયા કયાં છે ?

અઝ કુબુરશાં નિશાની ચંદમાંન્દ.

આ સર્વેનું નામ નિશાન નથી કોઇ કોઇની કબરની નિશાનીયો છે.

વઝ બદનહ્ા ઉસ્તખ્વાની ચંદમાંન્દ.

તેઓના અંગ તો નથી પણ કોઇ કોઇના જુજ હ્ાડકાં બાકી છે !

## ઝમાને કા રંગ

દોસ્તોંસે દોસ્તી યારોંસે યારી ઉઠ ગઇ,

મુન્સફી જાતી રહ્ી ઇમાનદારી ઉઠ ગઇ.

બાપકો બેટેસે નફરત ભાઇકા ભાઇ અદુ,

હ્ાય ગઝબ હ્ય કે સબસે પાસદારી ઉઠ ગઇ.

હય અદબ કીસીકો બડોંકા ઓર ન છોટોંકા લેહાઝ,
અપને મતલબકી હય દુન્યા ગમગુસારી ઉઠ ગઇ.
કીસ્કા અખ્લાકો મુરૂવ્વત હય દરીન્દે ચારસુ,
અબ તો મરના ચાહીયે ચાહ્ત બીચારી ઉઠ ગઇ.
હર તરીકેમેં નુમાયશકા હુવા હય ઝોરો શોર,
કિમ્રો નખવત છાગએ હંય ઇન્કેસારી ઉઠ ગઇ.
ઢુંઢનેસે ભી નહીં મીલતા હય આલિમ બાઅમલ,
નામકો પરહેઝ હય પરહેઝગારી ઉઠ ગઇ.
અબ તો ડિગરી પર મુસલ્લમ હે બિનાએ ઇલ્મો ફઝલ,

પેશરૂ તુલ્લાબ ઠહરે પુખ્તકારી ઉઠ ગઇ.
શૌક હય શેખે મુરદીફકો પડહાએ હમ નવાઝ,
પયદલોને ઝોર બાંધા શાહસવારી ઉઠ ગઇ.
વઅઝમેં સવલત નહીં અલ્લાહો અકબરકે સિવા,
લોગ મુંહ તકતે રહે ખાલી પટારી ઉઠ ગઇ.
ઇન્કેલાબે દહરસે બદરૂપ હય બઝમેં જહાં,
દિલ શીકસ્તા હો ગએ સબ સાઝકારી ઉઠ ગઇ.

************

# 6.ફાની દુન્યા વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ)નું ફરમાન

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)મે એવા એવા આલીશાન ખુત્બાઓને ફસાહત અને બલાગતની સાથે બયાન ફરમાવ્યા છે કે એ સાંભળીને લોકો હયરત પામી ગયા છે, અને આપના દુશ્મનોએ પણ આપના વખાણ કરેલ છે, જેમકે લખેલ છે કે એક વખત મોઆવીયાહએ હઝરતનો ખુત્બો સાંભળીને કહ્યું કે અગર

અરબના તમામ છટાદાર વકતા ભેગા થાય અને તેઓની સામે હઝરત અલી (અલય્હિસ્સલામ)નો આ ખુત્બો વાંચવામાં આવે તો જરૂર છે કે એ સર્વે જણ સજદામાં ઝુકી જાય, તો એ ખુત્બાનો ટુંકો તરજુમો દરજ કરીએ છીએ.

આપે પહેલે તકાસુરનો સૂરો પડીને ખુત્બો શરૂઅ કર્યો હતો, તો એ તકાસુરના સુરાનો ખુલાસો એ છે કે ખુદા ફરમાવે છે કે અય લોકો તમો વધારે માલ હોવાથી રમત ગમતમાં એટલે સુધી મશગુલ રહ્યા કે કબરમાં પહોંચ્યા

તેમજ પોતાના સગાવ્હાલા અને કુટુંબીઓ પુષ્કળ હોવાથી મગરૂર બની ગયા અને એક બીજા સાથે ફખ્ર કરવા લાગ્યા અને એ મગરૂરીમાં એટલે સુધી રહ્યા કે કબરની મુલાકાત કરી !! પણ યાદ રાખો કે ખરેખર એ વખત નજીક છે કે હક વાત જાહેર થઇ જશે કે તે કબ્રમાં ‘મુનકર’ અને ‘નકીર’ સવાલ કરવાના છે !!! તે પછી કયામતના દિવસે કબરમાંથી નીકળીને ખુદાના દરબારમાં જવું પડશે, ત્યારે યકીન થઇ જશે, કેમકે જહન્નમ તથા તેની ઉપરથી પુલેસેરાતને જોવાથી

યકીનમાં કાંઇ પણ બાકી રહેશે નહીં અને તે પછી ખરેખરી નેઅમતો કે જે માઅરેફતની અને અહ્લેબયત (અલય્હિસ્સલામ)ની મોહબ્બતની છે. તે વિષે પૂછવામાં આવશે કે એ નેઅમતનો ખરો ઉપયોગ કર્યો કે નહીં ?

પછી હઝરત અલી (અલય્હિસ્સલામ)મે ખુત્બો શુરૂઅ કર્યો કે અય કોમ બહુજ વિચારવાનું છે કે હકીકતની ચીજો જોવાને બદલે ફખ્ર કરવાની ચીજો જોવામાં આવે છે, એટલે સુધી કે મોત આવી જાય છે અને એ બાબત ઘણી બીહામણી છે પણ તે વિશે

કાંઇપણ વિચાર કર્યો નહીં અને નસીહત લીધી નહીં અને કઇ ચીજ ઉપર ફખ્ર કરે છે ? શું પોતાના વડીલો દટાઇ ગયા તેનો ફખ્ર કરે છે ? અથવા જેઓએ મરીને કબ્રસ્તાન ભરી દીધા શું તે વિશે ફખ્ર કરે છે ? અને શું મુડદાઓને કે જેઓ આખેરતની મુસાફરીએ ગયા છે અને હાલતો રસ્તામાં જ (કબરમાં) ઠંડા થઇ ગયા છે, શું તેઓને પાછા બોલાવવા ચાહે છે ? ખરેખર ફખર કરવા કરતાં મુડદાઓના હાલથી નસીહત લેવી વધારે બેહતર છે, કબીલાના ઘણા માણસો (તેઓનો મોટો ભાગ કબરમાં

ગયો છે, તેઓ) ઉપર ફખર કરવા કરતાં તેઓની બેઇઝઝતી અને સડી જવા ઉપર અફસોસ કરવું વધારે સારું છે.

અફસોસ એ નાદાનો ઉપર કે જેઓ આંધળાની જેમ જોયા વિના બડાઇ કરે છે, અગર તેઓ એ મુડદાઓના વેરાન અને સુમસાન કબ્રસ્તાનને જોઇને તેમજ તેઓના ઉજડી ગયેલા મકાનો તરફ ધ્યાન આપીને તેઓના હાલની તપાસ કરતે તો એ ચીજો તેઓને જાણકાર કરતે કે તેઓ તો ગુમરાહીમાં

રહીને ચાલતા થયા, માટે તમે જાહિલ રહીને ભુલાવો ખાઓ નહીં.

પછી આપે ફરમાવ્યું કે શું તમારામાં એવા શહેનશાહ ન હતા કે જેઓએ ખલકતને તાબે કરી હોય ? પણ એવો કોઇ સખી નીકળ્યો નહીં કે કફન સિવાય બીજું કાંઇ એને આપ્યું નહી અને એ તાબેદાર રઅ્યતે એટલી પણ કદર કરી નહીં કે કબ્રમાંના કીડા વીણી નાખે. અરે, તમે તો તેઓના અંગની માટીથી ઉગેલા ખડને વાપરો છો અને તેમાંથી ઊગેલા ભાજી પાલાને ખાઇ જાઓ છો અને એ લોકો જે જગ્યાને

વેરાન કરી ગયા તેમાં જ તમો રહો છો ! તેઓની અને તમારી વચ્ચે ફકત રડવા પીટવાના દિવસ બાકી છે અને તમારી આગળના એ લોકોનો અંજામ થયો તે તમોએ જોયો તો તમારો પણ અંજામ એવો જ થવાનો છે અને તેઓની જેમ તમારે પણ મોતની મજા ચાખવાની છે, જેઓને તમે માલ દવલતવાળા, ઇઝઝત આબરૂવાળા, ફખ્ર અને બડાઇવાળા, બલકે મહાન બાદશાહ જાણતા હતા તેઓ એવે દરજ્જે પહોંચ્યા છે કે જેઓનું નામનિશાન બાકી નથી અને જુઓ છો કે

લાચાર અને અશકત બની ઉજ્જડ જગ્યાઓમાં પડયા છે !!!

એ લોકો કયામતની લાંબી મુસાફરીએ ગયા છે અને તેઓને ‘બરઝખ’ની ખાઇમાં ચાલવું પડશે અને એ ખાઇમાં એવો અંધકાર છે કે તેમાં કાંઇ દેખાતું નથી અને એ બરઝખમાં કીડાઓએ તેમને ઘેરી લીધા. તેઓનું લોહી પી ગયા અને તેઓના માંસ અને હાડકાઓને પણ ખાઇ ગયા અને તેઓ કબ્રમાં એવી રીતે છુપી ગયા કે શોધ કરતાં તેઓનો પત્તો લાગતો નથી. દુનિયામાં તો તેઓના

મિજાઝ એટલા તો નાજુક હતા કે જરા સખત હવાથી અને સુર્યની જરા ગરમીથી બેચેન થઇ જતા હતા પણ હવે તો વીંટોળીયાના વીંટોળીયા આવે છે અને સૂર્યનો આખા દિવસનો તડકો વેઠવો પડે છે. પહેલે તો જરા જરામાં ગભરાઇ જતા હતા અને હવે તો જુએ એટલી આફત આવે, જુવે તો વીજળીના કડાકા થાય અથવા વાદળમાં ગર્જના થાય તો પણ તેની પરવા રાખતા નથી અને એવી ચીજોથી ડરતા નથી.

તેઓ એવી સફરે ગયા છે કે પાછા આવવાની જરા પણ ઉમ્મેદ નથી. તેઓના રહેઠાણની મંઝિલ આપણી પાસે છે છતાં આપણને મળી શકતા નથી. અરે ! હજુ તો કાલની વાત છે કે તેઓ ભેગા થઇને બેસતા હતા પણ આજે તો કોઇનો પત્તો નથી. જુદા જુદા વીખેરાઇ ગયા હજુ તો હમણાં જ તેઓ ઘરોમાં વસ્તા હતા અને ઘર આબાદ હતા અને હાલ આપણે જોઇએ છીએ કે એ ઘર ખાલી સુમસાન, વેરાન અને ઉજડેલા પડેલા છે તેમાંથી કોઇનો અવાઝ પણ આવતો નથી.

એ લોકો હમણાં વાતો કરતા હતા, કિલ્લોલ કરતા હતા, એક બીજાની પુછ પરછ કરતા હતા, પણ એકાએક એવો જામ પીધો કે તેથી ચુપ થઇ ગયા ન મોઢાથી બોલી શકે છે, ન કાનથી સાંભળી શકે છે ખરેખર જાહેરમાં એવું દેખાય છે કે તેઓ આંખ બંધ કરીને ગફલતમાં પડેલા છે. અને બહુ જ સુખ નિંદ્રા કરી રહ્યા છે.

પછી આપ ફરમાવે છે કે એ લોકોને પાડોશ તો છે પણ એક બીજા સાથે મોહબ્બત કરી શકતા નથી. જો આટલી દોસ્તી હોય તો

પણ મુલાકાત કરી શકતા નથી. જો કે એક બીજાના મોહબ્બતવાળા બલ્કે સગાવ્હાલા હતા અને આપસમાં નિકટનો સંબંધ તુટી ગયો અને એ દોસ્તી અને મોહબ્બત બાકી રહી નહીં. આંખ બંધ થતાં જ પોતાના પરાયા થઇ ગયા અને ઓળખાણવાળા અજાણીયા બની ગયા અને એક બીજા એક બીજાના હાલથી નાવાકેફ રહ્યા. તેઓને ખબર નથી કે સવાર કયારે પડે છે અને સાંજ કયારે થાય છે ! એ લોકો કબ્રને જેવી જાણતા હતા તે કરતાં વધારે બીહામણી નીકળી અને બીક તથા ઉમ્મેદની જગ્યાએ

પહોંચી ગયા... તેઓનો એવો હાલ થયો કે તેની તપાસ કરી તો તેની કાંઇ પણ ખબર પડી શકતી નથી પણ એ તમામ છતાં બસીરતની નઝરે જોઇએ અને નસીહત લેવાની નઝરે વિચારીએ તો તેઓના હાલને દિલની આંખથી જોઇ શકીએ છીએ અને તેઓની વાતોને દિલના કાનથી સાંભળી શકીએ છીએ કે તેઓ જાણે કહી રહ્યા છે કે અમો બહુ જ ડરી ગયા અને અમારા ફુલ જેવા ચહેરા કરમાઇ ગયા. અમારા એ અંગ કે જેઓની અમો બહુ સંભાળ રાખતા હતા તે માટીમાં

મળી ગયા અમોને કબ્રે ભીંસી નાખ્યા અમારી સુરતો બદલાઇ ગઇ અમારા રહેવાની જગ્યા અંધારી છે અને હરવખત મુસીબત ઉપર મુસીબત પડે છે.

અફસોસ તેઓનો એવો હાલ થયો છે કે જાણે તેઓના કાનમાં કીડા પેસી જવાથી બહેરા થઇ ગયા છે. તેઓ જે આંખમાં સુરમો નાખતા હતા તેમાં માટી ભરાઇ ગઇ, તેઓની આંખોમાં ખાડા પડી ગયા. જે જીભ કાતરની જેમ ચાલતી હતી તે જાણે એ જ કાતરથી કતરાઇ ગઇ, તેઓના દિલ બરબાદ થઇ ગયા,

તેઓના અવ્યવો જુદા થઇ ગયા, તેઓ ઉપર આફત આવવા લાગી પણ તેઓને એવા હાથ નથી કે તે થકી એ આફતોને દુર કરે અને તેઓના દિલ સાબીત રહ્યા નથી કે કાંઇ ફરીયાદ કરી શકે, તેઓ માટે એવી બેઇઝઝતી અને રૂસ્વાઇ આવી કે તે દુર થઇ શકતી નથી. તેઓની ખુબસુરતીને ઝમીન ખાઇ ગઇ અને બહુ જ લાડ અને પ્યારથી ઉછર્યા હતા તેઓ માટીમાં મળી ગયા અને એવા થઇ ગયા કે જાણે પયદા થયા જ ન હતા, ઇત્યાદી.

************

## 7.મૌતનું પુતળું

અહલે સુન્નત જમાતની કિતાબમાં લખે છે કે ખુદાએ તઆલાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે "ખલકલ મૌત વલહયાત" એટલે મેં મૌત અને હયાતને પયદા કર્યા, હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી મનકુલ છે કે હક તઆલાએ મોતને આસમાનો અને ઝમીનો કરતાં મોટું પયદા કર્યું અને તેની આડા હઝાર હઝાર પરદા રાખ્યા અને તેને સિતેર હઝાર સાંકળોમાં જકડયું અને તેની દરેક સાંકળ

હજાર વરસના રસ્તા જેટલી લાંબી છે અને તેને એવી જગ્યામાં છુપું રાખ્યું કે ફરિશ્તા જાણતા ન હતા અને તેની પાસે જતા ન હતા પણ તેનો અવાઝ સાંભળતા હતા.

પછી જયારે હઝરતઆદમ (અલય્હિસ્સલામ)ને પયદા કર્યા ત્યારે હક તઆલાએ મોતની આડા જેટલા પડદા હતા તે તમામ ઉપડાવી લીધા અને ઇઝરાઇલ તથા તમામ ફરિશ્તાને હુકમ કર્યો કે મોતને જુઓ, તે વખતે તમામ ફરિશ્તા તેને જોવા માટે ઉભા થઇ ગયા અને ખુદાએ તઆલાએ મોતને

ફરમાવ્યું કે તું પોતાની તમામ પાંખો ખોલીને ઉડ અને પોતાની તમામ પાંખો ખોલી નાખ, એ સાંભળી મોત ઉડયું અને ફરિશ્તા તેને જોઇને બેહોશ થઇ પડી ગયા અને તેઓને એક હઝાર વરસ પછી હોશ આવ્યો તે વખતે ફરિશ્તાઓએ અરજ કરી અય ખુદાવંદા, આના કરતાં બીજી કોઇ મોટી ચીજ તેં પયદા કરી છે ? ખુદાએ ફરમાવ્યું મેં તેને પયદા કર્યું અને હું તમામ કરતાં બુઝુર્ગ છું અને આના પંજાનો મજા તમામ ખલકત ચાખશે.

પછી ઇઝરાયલને ફરમાવ્યું મેં તને મોતનો ઉપરી મુકર્રર કર્યો. ઇઝરાઇલે કહ્યું અય મારા પરવરદિગાર તેને તેં બહુ જ મોટું બનાવેલ છે, તેને પકડીને તાબે રાખવાની શક્તિ કયાંથી લાવું ? તે વખતે હક તઆલાએ ઇઝરાઇલને એટલું જોર અતા ફરમાવ્યું કે તેથી તેને પોતાના કબ્જામાં કરી લીધું અને મોત પણ શરણે થયું અને તેથી ઇઝરાઇલને મલેકુલ મોત એટલે મોતનો સરદાર કહે છે.

પછી મૌતે અરજ કરી ખુદાવંદા મને રઝા આપ તો હું આસમાનમાં કાંઇ બોલું, ફરમાવ્યું

તારે જે કાંઇ બોલવું હોય તે બોલ તે વખતે મોટા કડાકા સાથે આવાઝ આપી કહેવું શરૂ કર્યું કે હું એ છું કે દરેક સ્ત્રી મરદના જોડાને જુદા કરી નાખીશ, હું એ છું કે બાપને દીકરાથી જુદો કરી નાખીશ, ભાઇઓથી બહેનોને જુદા પાડીશ હું એ છું કે ઇન્સાનની કુવ્વતને ઘટાડી નાખીશ, હું એ છું કે ઘરોને ઉજ્જડ કરી નાખીશ. હું એ છું કે શહેરોને ખાલી કરી નાખીશ, હું મોત છું સર્વેને હલાક કરીશ. તમે મોટા મોટા અને ભારે ભારે કીલ્લા અને બુરજોમાં જઇને છુપી જશો

તો પણ ત્યાંથી ખેંચી લઇશ હું એ છું કે કોઇ મખ્લુક મારાથી ભાગી શકશે નહીં.

જ્યારે મૌત કોઇની પાસે જાય છે. ત્યારે એક સુરત બનીને તેની સામે ઉભું રહે છે. ત્યારે મરનારનો જીવ પૂછે છે કે તું કોણ છે અને શા માટે આવેલ છે ? ત્યારે મૌત કહે છે કે હું મૌત છું તને દુનિયામાંથી લઇ જઇશ તારી ઔલાદને યતિમ કરીશ. તારી સ્ત્રીને વિધવા કરીશ અને તારો માલ તારા એવા વારસોના કબ્જામાં સોંપાવીશ કે જેઓથી તું અણગમો રાખતો હતો અને તું એ છે કે તે તેમાંથી પોતા

માટે સાથે લેવા કોઇ નેક કામમાં વાપર્યું નહિ અને હવે તારૂં કાંઇ વળશે નહિ.

આ સાંભળીને જીવ મોત તરફથી મોઢું ફેરવી લીએ છે ત્યારે મોત બીજી તરફ તેની સામે જઇ ઉભું રહે છે શું તું મને ઓળખતો નથી ? હું એ જ છું કે જેણે તારા માબાપની રૂહની કબઝ કરી અને તું ઉભો ઉભો જોતો હતો અને હવે હું તને લેવા આવેલ છું અને તારી અવલાદ તને જોશે હું એ છું કે તારી પહેલાના હઝારો જણને લઇ ગયેલ છું.

પછી મોત જીવને પુછે છે બતાવ જગતને કેવી જોઇ ? તે વખતે જીવ કહે છે મેં તેણીને મક્કાર, ગદ્દાર અને બેવફા જોઇ, તે વખતે તેની સામે દુન્યાની સુરત આવે છે અને તેને કહે છે અય ગુનેહગાર શું તું શરમાતો નથી કે એમ બોલે છે ? તેં જ મારામાં રહી ગુનાહ કર્યા. ખરાબ કૃત્યોથી બચ્યો નહીં. હલાલ હરામમાં કાંઇ ફરક કર્યો નહીં અને એવું સમજીને દિવસો ગુઝારવા લાગ્યો કે જાણે કાયમ રહેવું છે. જા હું તારાથી અને તારા અમલથી બેઝાર છું.

પછી માલની સુરત આવીને કહે છે અય ગુનેહગાર તેં મને હરામથી મેળવ્યો અને ગરીબ લોકોને કાંઇ આપ્યું નહીં અને પોતા માટે કાંઇ સાથે લીધું નહીં. હવે હું બીજાના કબજામાં જાઉં છું.

મોતના વિશે મઝહબે ઇમામીયાની કિતાબમાં લખ્યું છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં અરઝ કરવામાં આવી કે યા હઝરત આપ કાંઇ મૌતનો હાલ બયાન કરો, તો આપે ફરમાવ્યું કે જાણકાર થાઓ મોત એક એવી ચીજ છે કે

ત્રણમાંથી એક બાબત સાથે ઇન્સાનના છેલ્લા અંતકાળના વખતમાં નાઝીલ થાય છે. ૧ - નેઅમતની હંમેશની ખુશખબરી સાથે એટલે તેને કહેવામાં આવે છે કે તારે માટે આ બેહિશ્તની નેઅમતો છે. ૨- અઝાબની હંમેશાંની ખબરની સાથે એટલે તેને કહેવામાં આવે છે કે તારા માટે હંમેશાં જહન્નમનો અઝાબ છે. 3 - અથવા તેને ખોફ અને બીકમાં મોહગમ ખબર આપવામાં આવે છે એટલે તેને એવી રીતે કહેવામાં આવે છે કે તે સમજી શકતો નથી કે તેનો કેવો હાલ થશે ! અને તે

હયરાન થઈ જાય છે અને વિચારમાં પડે છે કે બેહિશ્તી છું કે દોઝખી ?

અને એ ત્રણે બાબતનો ખુલાસો એ છે કે પહેલી બાબત ખાસ અમારા દોસ્તો અને તાબેદારો માટે છે એટલે તેને અંતકાળ વખતે હંમેશની નેઅમતની ખુશખબરી આપવામાં આવે છે અને બીજી બાબત અમારા દુશ્મનો અને મુખાલેફો માટે છે કે તેઓના અંતકાળ વખતે તેઓને હંમેશના અઝાબથી ડરાવવામાં આવે છે અને ત્રીજી બાબત કે જે મોહગમ રાખવામાં આવે છે અને મરનારને તે વખતે

ખબર નથી પડતી કે તેનો કેવો હાલ થશે ? શું ગુનાહના સબબથી અઝાબમાં ગીરફતાર થશે અથવા શફાઅતના સબબથી બખ્શાઇ જશે ? તો તે ગુનેહગાર મોઅમીન માટે છે કે તેણે ગુનાહ કરીને પોતાના નફસ પર ઝુલ્મ કર્યો હશે અને એવા ગુનેહગારોને અમારા દુશ્મનો સાથે હંમેશ જહન્નમમાં નહીં રાખે, બલ્કે તેઓને અમારી સીફારીશ અને શફાઅતથી ખુદાએ તઆલા જહન્નમમાંથી કાઢશે માટે તમો નેક અમલ કરો એટલે નમાઝ, રોઝા અને હજ બજાવી લાવો અને ખુમ્સ તથા ઝકાત આપો,

અને ગુનાહોથી બચો અને અમારી પયરવી કરો અને તમો ફકત ઇમાન અને શફાઅત ઉપર આધાર રાખો નહીં અને ખુદાના અઝાબને હકીર ગણો નહીં કેમકે કેટલાંક ગુનેહગાર મોઅમીન એવા હશે કે તેઓને તેઓના ત્રણ વર્ષ પછી ગુનાહના બદલામાં જહન્નમમાં નાખવામાં આવશે અને તેઓને ત્રણ લાખ વરસ પછી અમારી શફાઅત પહોંચશે અને જહન્નમમાંથી નજાત અપાવીને બહાર કઢાવીશું.

કાફીમાં અબુબસીરથી મનકુલ છે કે એક દિવસ હું હઝરત ઇમામ જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો અને તે વખતે હું એટલો ઘરડો અને મોટી ઉંમરનો થઇ ગયો હતો કે મારા હાડકા અને માંસ ગળી ગયા હતા અને મરવાની નજીક થઇ ગયો હતો, તે વખતે મેં નાઉમ્મેદીની હાલતમાં અરઝ કરી કે કયામતમાં મારો અન્જામ કેવો થાય છે ? આ સાંભળીને હઝરતે ફરમાવ્યું અય અબુબસીર અજબ છે કે તું આવો નાઉમ્મેદીનો કલમો કહે છે, શું તું

જાણતો નથી કે હક સુબ્હાનહુ તઆલા તમારામાંના જવાનોની ઉપર મેહરબાની ફરમાવશે અને તમારામાંના ઘરડાઓથી હયા અને શરમ કરશે, મેં અરઝ કરી અય ફરઝંદે રસુલ, આપ ઉપર કુરબાન થઇ જાઉં, ખુદાએ તઆલા અમારામાંના જવાનો ઉપર કેવી રીતે મેહરબાની ફરમાવશે અને અમારામાંના ઘરડાઓથી કેવી રીતે શરમ અને હયા કરશે ? તો આપે ફરમાવ્યું કે હકતઆલા જવાનોને અઝાબ નહીં કરવાની મહેરબાની કરશે અને બુઢાઓથી હિસાબ લેવાથી હયા કરશે, અય

અબુબસીર હક્તઆલા અને ફરિશ્તા અમારા શીઆહઓના ગુનાહને એ પ્રમાણે દૂર કરે છે કે જે - પ્રમાણે સખત હવા ઝાડના પાંદડાને ખેરવી નાખે છે અને અય અબુબસીર હક્તઆલાના કલામ પણ એ વિશે નાઝિલ થયેલ છે કે ફરિશ્તા પરવરદિગારે આલમની તસ્બી કર્યા કરે છે અને ઝમીનવાળાઓ માટે મગફેરત ચાહે છે, તો ખુદાની કસમ એ ઝમીનવાળાથી મુરાદ બીજા કોઇ લોક નથી પણ એ જ લોક મુરાદ છે કે જે અમારા શીયા છે.

# ૪.મુર્દાએ કરેલી મીજબાની

જ. મુલ્લા અહમદ સાહેબ નીરાકી (અલય્હિસ્સલામ)મ.એ લખ્યું છે કે મારા વાલીદ જ. મુલ્લા મહેદી ઇબ્ને અબીઝરની ખિદમતમાં એક મોઅતબર (ભરોસાવાળો) શખ્સ હતો. તેણે કહ્યું કે એક મારા દોસ્તે મને એક વખતનો વિચિત્ર બનાવ બયાન કર્યો, કે તેણે કહ્યું કે એક નકીબે અમો આઠ દસ જણની મીજબાની કરી જુમ્આની રાત્રે આવવા કહેલ અને તેનું ઘર કબ્રસ્તાનની પાસે હતું. અમો વાયદા મુજબ ત્યાં ગયા તે વખતે નકીબે કહ્યું

કે એ કબરોના ચબુતરા ઉપર થોડીવાર બેસો. કેમકે મકાનમાં ઓરતો છે તેમને બીજા મકાનમાં મોકલીને તમારા માટે સગવડ કરીને બોલાવીશ.

અમો તો તે ચબુતરા ઉપર બેઠા અને ઘણીવાર થઇ પણ નકીબ સાહેબે તો કાંઇ ખબર લીધી નહી. તેથી અમારામાંના એક મસખરાએ ત્યાંની કબરોમાની એક કબર તરફ જોઇને કહ્યું કે અય મુરદાઓ જીવતાએ તો મીજબાની કરીને હજુ સુધી ખબર લીધી નહી, માટે તમો મુરદાઓ કાંઇ જમાડો તો સારૂં.

આ પ્રમાણે કહ્યું ત્યાં એક કબર ફાટી ગઇ અને તેમાંથી અવાઝ આવી કે આજે તો તમો નકીબ સાહેબના મહેમાન છો માટે તેમને ત્યાં જ જમજો પણ આવતી જુમેરાતે અહીં આવજો અમો તમોને જમાડીશું માટે અમારી મીજબાનીને ઇન્સાફ આપજો.

અમો આ અજાએબ બનાવ જોઇને અને કબરની અંદરથી એ મુજબ જવાબ મળ્યો તેથી અમો ઠરી જ ગયા અને હાંજા ગગડી ગયા કે આપણુ આવી બન્યું ! જીવતા રહીને મુરદાની મીજબાનીમાં જવાય નહીં તો આનો

અર્થ એ જ થયો કે અમો આવતા જુમ્આની રાત સુધીમાં ખુદાની રહમતે પહોંચશું. હવે આડો અવળો વિચાર કરીને ફાંફાં મારવા લાગ્યા. ખુદાની મરજી ઉપર રાજી રહીને મળવાની તૈયારી કરી લેવી અને એમ નક્કી કરીને બેઠા હતા ત્યાં નકીબ સાહેબે જમવા માટે બોલાવ્યા તેથી મીજબાની તો જમ્યા પણ દિલમાં એ જ મરવાનો ખોફ બેસી ગયો હતો.

પછી જમીને ઘરે ગયા અને બીજે દિવસથી આખેરતની મુસાફરીની તૈયારી કરવી શરૂ કરી, જેનો જેનો કાંઇ હક હતો તે

અદા કર્યો, કોઇને કાંઇ કહ્યું હોય તેની પાસે માફી ચાહી, મતલબ એ કે અમો સર્વે જણ મરવા માટે તૈયાર થઇ રહ્યા અને એક એક દિવસ જતો હતો તે મરવાની રાહ જોવામાં જ જતો હતો, પણ અઠવાડિયું પસાર થઇ ગયું અને જુમેરાતે આવી પણ કોઇ પણ અમારામાંથી મર્યું નહીં તેથી વિચાર કર્યો કે આપણે એ જ કબર પાસે જઇને અવાઝ આપવી તેથી અમો ત્યાં ગયા અને અવાઝ આપી, અય કબરવાળા સાહેબ તમોએ અમારી

મીજબાની કરેલ છે, તેથી અમો જમવા માટે હાજર થયા છીએ.

તે વખતે એક બિહામણી અવાઝ કબરમાંથી આવી અને કબર ફાટી ગઇ અને એક ગુલામ અંદરથી બાહેર આવ્યો અને અમોને બોલ્યો કે બિસ્મિલ્લાહ કબરની અંદર ચાલો.

અમો તે વખતે ડરી ગયા પણ મરવા માટે મક્કમ હોવાથી તે ગુલામને કહ્યું કે જો અમોને જીવતા જ કબરમાં દફન કરી દેવા હોય તો અમો ગુસલ, કફન અને નમાઝથી મહરૂમ

રહીશું માટે તે વિશે શું થશે ? ગુલામે કહ્યું કે તમોને કબરમાં જીવતા દફન કરવા બોલાવતો નથી પણ ગઇ જુમેરાતે તમોને દાવત આપી છે તે વાયદો વફા કરવા માટે બોલાવેલ છે. તમો અંદેશો કરો નહીં, તમો મીજબાની જમીને સહીસલામત પાછા ઘરે જશો.

આ સાંભળીને અમારામાંથી એક જણ કે જે છાતીનો કઠણ હતો તે પહેલે ગુલામની સાથે કબરમાં ગયો અને થોડેક છેટે જઇને પાછો આવીને બોલ્યો કે ત્યાં કોઇ જાતની બીક નથી

માટે ચાલો તેથી અમે ગયા, પહેલે તો થોડીકવાર સુધી અંધારામાં ચાલવું પડયું, પણ તે પછી તો એક બહુ જ મજાહની પહોળી સડક જોવામાં આવી તેની ઉપર અમો ચાલ્યા, સડકની બંને બાજુએ જાતજાતના મેવાના ઝાડની હાર લાગેલી હતી અને જ્યાં જોઇએ ત્યાં જન્નતનો નમુનો દેખાતો હતો, જાતજાતના પંખીઓ ઝાડ ઉપર ટહુકા કરતા હતા અને જમીન ઉપર અંબર અને કસ્તુરી પાથરેલી હતી અને દૂધ વિ.ની નહેરો જારી હતી અને હુર તથા ગીલમાનો જોવામાં

આવતા હતા, અમો તો રાતના વખતે ગયા પણ ત્યાં તો દિવસ કરતાં પણ વધારે રોશની જોવામાં આવી. ચાલતા ચાલતા એક આલીશાન મકાન પાસે પહોંચ્યા અને એક મકાન બહુ જ ઠાઠમાઠથી શણગારેલું હતું અને તેની અંદર એક હીરામોતી જડેલા તખત ઉપર એક ખુબસુરત જવાન બેઠો હતો, તેના માથા ઉપર જડાઉ બાદશાહી તાજ હતું અને બેસવાની ગાદી તો બહુ જ ઉંચી કીંમતની નરમ હતી, તેમજ તકીયા પણ ઘણા જ ભારે ભારે કીંમતી હતા. અમો અદબથી જઇને બેઠા.

તેણે અમારી તઅઝીમ કરી, અમોએ પૂછયું કે આપ કોઇ નબી અથવા વલી છો ? જવાબ આવ્યો કે હું ન નબી છું ન વલી, બલકે એક અદના શખસ છું, મારો ધંધો ગોશ્ત વેચવાનો હતો અને આ શહેરમાં ફલાણા ઠેકાણે મારી દુકાન હતી અને હું તમોને ઓળખું છું તથા તમો પણ મને ઓળખતા હતા, હું અહલેબયત (અલય્હિસ્સલામ)નો મોહિબ છું અને મારી આદત એવી હતી કે જ્યારે અઝાન સાંભળતો હતો ત્યારે દુકાન બંધ કરવા રોકાતો ન હતો અને એમ જ દુકાન ઉઘાડી મુકીને તથા ઘરાક

આવેલા હોય તેને ઉભા રાખીને જમાતની નમાઝ પડવા મસ્જીદમાં ચાલ્યો જતો હતો, તો ખુદાએ તઆલાએ મારી રીતભાતને પસંદ કરીને મને આ નેઅમતો આપી.

પછી અમારા માટે સુફરો બીછાવવામાં આવ્યો અને એવા જાત જાતના ઉમદા અને સ્વાદિષ્ટ ખાણા અમોને જમાડયા કે એવા કદી ન ખાધા હતા, ન જોયા હતા, અમોએ જોયું કે એ જવાન વારંવાર મોઢું પાડી નાખીને ઉંચો નીચો થતો હતો. તેથી અમોએ તેને તેનું કારણ પૂછયું તો તેણે જમી રહ્યા પછી કહ્યું કે મારા

પગ તરફ જુઓ તેથી અમોએ જોયું કે તેના અંગુઠાને કાળો સાંપ વીંટાઇ ગયો છે અને વારંવાર અંગુઠાને કરડે છે.

અમોએ પૂછયું કે આવી જન્નત જેવી જગ્યાઓ અને નેઅમતો મળવા છતાં આ અઝાબ શા માટે થાય છે ? તેણે કહ્યું કે ભાઇ આ પરાયો હક અદા નહીં કરીને મરવાનો બદલો છે. એ વાત એમ છે કે મારા મરવાના થોડાક દિવસ પહેલાં થોડાક લાકડા વેચાતા લીધા હતા. એક પઇસો દેવો રહી ગયો, હું મરી ગયો, તેથી આ બલા વળગેલી છે.

અમોએ પૂછયું આ બલા દૂર થવાનો કાંઇ ઇલાજ છે તેણે કહ્યું હા, તમે મહેરબાની કરો તો થઇ શકે તેમ છે અને તે એ કે તમો ગામમાં જઇને ફલાણા લાકડા વેચનારને શોધીને તેની પાસે હક્ક માફ કરાવીને મારા વારીસો પાસેથી તેનો હક્ક અપાવી દેજો.

પછી અમો એ જન્નતના નમૂનાની કબરમાંથી એ જવાનને વિદાય કરીને બહાર નીકળ્યા અને તરત એ કબર હતી તેવી થઇ ગઇ અને અમો ગામમાં ગયા અને એ લાકડાવાળાને ગોતીને તેના કહેવા પ્રમાણે

અમલ કર્યો. પછી કેટલાક દિવસે એ જવાનને સ્વપ્નામાં જોયો તો તેણે અમારો શુક્ર અદા કર્યો અને તેની એ સાપની બલા દૂર થઇ ગઇ હતી.

આ હીકાયતથી એ ધડો લેવાનો છે કે પરાયો હક બહુ જ ખરાબ છે, માટે કોઇનો હક પણ માથે રાખવો નહીં અને જેમ બને તેમ હક અદા કરી દેવો અને અદા થઇ શકે તેમ ન હોય તો માફી ચાહવી અને આગલો શખ્સ ન હોય તો તેના વારેસોને હક આપવો અથવા માફી ચાહવી અને કાંઇ પણ બની શકે એમ ન હોય

તો ચાર રકઅત નમાઝ કે જેમાં અઢીસો (૨૫૦) કુલ્હોવલ્લાહ પઢવામાં આવે છે તે પઢે તો એ બલા આવવા પામતી નથી અને એ નમાઝ નીચે મુજબ છે.

અસ્બાબુન્નજાત નામની કિતાબમાં લખે છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)મે ફરમાવ્યું કે બબે રકાત કરીને ચાર રકાત નમાઝ સુન્નતની નીય્યતથી પઢે. પહેલી રકાતમાં અલહમ્દ પછી પચીસ વખત કુલ્હોવલ્લાહનો સૂરો પઢે, બીજીમાં પચાસ વખત પઢે, પછી બીજી બે રકાત પઢે,

તેમાં પહેલીમાં પંચોતેર વખત અને બીજીમાં એકસો વખત પઢે એટલે કુલ અઢીસો વખત કુલ્હોવલ્લાહ થયા. તો આ નમાઝ પઢવાથી તેના ઉપર જેનો જેનો હક હશે અને આ લાચારીથી અદા કરી શકયો નહીં હોય તે તમામ હક જંગલની રેતી જેટલા હશે તો પણ ખુદા માફ ફરમાવશે અને પુલેસેરાતથી વીજળીની જેમ પાર થઇ પહેલે જનારાની સાથે બેહિસાબ જન્નતમાં જશે અને એ નમાઝ પછી બે દોઆ પઢવાની છે તે જરૂરી નથી પણ મુનાસબ છે, પણ તે અઘરી અને મોટી છે તેથી

દરજ કરતા નથી પણ તેનો મતલબ એ છે કે લોકોનો હક અદા નહીં થવાનો પસ્તાવો કરીને, કરગરીને ખુદા પાસે પોતાની ઝબાનમાં રડી રડીને માફી ચાહે.

************

… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •